
*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**






જગતના સર્વે જીવો પરમાત્મપદને પામો–
એવા નિરંતર આશીર્વાદ આપનાર



હે ગુરુદેવ ! લોકોત્તર લાભ હેતુ આપકે વચનોં પર શ્રદ્ધા કી હૈ, આશીર્વાદ દેતા હુઆ આપકા મોહક ચિત્ર દેખા હૈ. આપકે આશીર્વાદસે પૂર્ણ આનંદમયી નિધિકો પ્રાપ્ત હો જાઉં... ઐસી તીવ્ર અભિલાષા હૈ.

૯૧મી જન્મજયંતી પ્રસંગે

ગુણરત્નોથી ભરપૂર પૂજ્ય ગુરુદેવશ્રીના ચરણોમાં

# ૯૧ ભક્તિ-પુષ્પો

( ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ભાવભીના હૃદયોદ્‌ગાર )

( ૧ ) સંસારના વિષવૃક્ષને ક્ષણમાત્રમાં ક્ષય કરાવનાર. મહાસુખસાગરનો સમ્યક્ માર્ગ **પ્રાપ્ત** કરાવનાર, અતુલ મહિમાના ધારી, પરમોપકારી શ્રી ગુરુદેવના ચરણકમળમાં પરમ **ભક્તિ**થી નમસ્કાર, વારંવાર નમસ્કાર.

( ૨ ) પૂજ્ય ગુરુદેવે તો આખા ભારતના જીવોને જાગૃત કર્યા છે. સેંકડો વર્ષોમાં જે ચોખવટ નહોતી થઈ એટલી બધી મોક્ષમાર્ગની ચોખવટ કરી છે. નાના નાના બાળકો પણ સમજી શકે એવી ભાષામાં મોક્ષમાર્ગને ખુલ્લો કર્યો છે. અદ્‌ભુત પ્રતાપ છે. અત્યારે તો લાભ લેવાનો કાળ છે.

( ૩ ) ગુરુદેવ માર્ગ ઘણો જ સ્પષ્ટ બતાવી રહ્યા છે. આચાર્ય ભગવંતોએ **મુક્તિ**નો માર્ગ પ્રકાશ્યો છે અને ગુરુદેવ તે સ્પષ્ટ કરે છે. પેંથીએ પેંથીએ તેલ નાખે તેમ ઝીણવટથી ચોખ્ખું કરીને બધું સમજાવે છે. ભેદજ્ઞાનનો માર્ગ હથેળીમાં દેખાડે છે. માલ ચોળીને, તૈયાર કરીને આપે છે કે ‘લે ખાઈ લે.’ હવે ખાવાનું તો પોતાને છે.

( ૪ ) ગુરુદેવને તીર્થંકર જેવો ઉદય વર્તે છે. વાણીનો પ્રભાવ એવો છે કે હજારો જીવો સમજી જાય છે. તીર્થંકરની વાણી જેવો યોગ છે. વાણી જોરદાર છે. ગમે તેટલી વાર સાંભળીએ તોપણ કંટાળો ન આવે. પોતે જ એટલા રસકસથી બોલે છે કે જેથી સાંભળનારનો રસ પણ જળવાઈ રહે છે, રસબસ્તી વાણી છે.

(૫) આવા કાળે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીએ આત્મા પ્રાપ્ત કર્યો તેથી પરમ પૂજ્ય ગુરુદેવ એક ‘અચંબો’ છે. આ કાળે દુષ્કરમાં દુષ્કર પ્રાપ્ત કર્યું; પોતે અંતરથી માર્ગ પ્રાપ્ત કર્યો અને બીજાને માર્ગ બતાવ્યો. તેમનો મહિમા આજે તો ગવાય છે પરંતુ હજારો વર્ષો સુધી પણ ગવાશે.

(૬) ગુરુદેવનો પ્રતાપ કોઈ અદ્‌ભુત છે, ‘આત્મા’ શબ્દ બોલતાં શીખ્યા હોઈએ તો તે પણ ગુરુદેવના પ્રતાપે.

(૭) પૂજ્ય ગુરુદેવની વાણી મળે તે એક અનુપમ સૌભાગ્ય છે. માર્ગ બતાવનાર ગુરુ મળ્યા અને વાણી સાંભળવા મળી તે મુમુક્ષુઓનું પરમ સૌભાગ્ય છે. દરરોજ સવાર–બપોર બે વખત આવું ઉત્તમ સમ્યક્‌તત્ત્વ સાંભળવા મળે છે એના જેવું **બીજું** કયું સદ્‌ભાગ્ય હોય? શ્રોતાને અપૂર્વતા લાગે અને પુરુષાર્થ કરે તો તે આત્માની સમીપ આવી જાય અને જન્મ–મરણ ટળી જાય–એવી અદ્‌ભુત વાણી છે.

(૮) અત્યારે પૂજ્ય ગુરુદેવની વાતને ગ્રહણ કરવા ઘણાં જીવો તૈયાર થઈ ગયા છે. ગુરુદેવને વાણીનો યોગ પ્રબળ છે; શ્રુતની ધારા એવી છે કે લોકોને અસર કરે ને ‘સાંભળ્યા જ કરીએ’ એમ થાય.

(૯) ‘ચૈતન્ય છું,’ ‘જ્ઞાયક છું’ –ઇત્યાદિ ઇત્યાદિ બધું ગુરુદેવના પ્રતાપે જ જણાયું છે. ભેદજ્ઞાનની વાત સાંભળવી દુર્લભ હતી તેને બદલે તેઓશ્રીની સાતિશય વાણી દ્વારા તે વાતના હંમેશાં ધોધ વરસે છે. ગુરુદેવ જાણે કે હાથ ઝાલીને શીખવી રહ્યા છે. પોતે પુરુષાર્થ કરી શીખી લેવા જેવું છે. અવસર ચૂકવા યોગ્ય નથી.

(૧૦) આવું શ્રવણનું જે સૌભાગ્ય મળ્યું છે. તેને મુમુક્ષુ જીવોએ સફળ કરી લેવું યોગ્ય છે. પંચમ કાળે નિરંતર અમૃત–ઝરતી ગુરુદેવની વાણી ભગવાનનો વિરહ ભુલાવે છે.

(૧૧) પરમ–ઉપકારી ગુરુદેવનું દ્રવ્ય મંગળ છે, તેમની અમૃતમય વાણી મંગળ છે. તેઓશ્રી મંગળમૂર્તિ છે, ભવોદધિતારણહાર છે, મહિમાવંત ગુણોથી ભરેલા છે.

(૧૨) દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય–ગુણ–પર્યાય, ઉપાદાન–નિમિત્ત, નિશ્ચય–વ્યવહાર, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન, સ્વાનુભૂતિ, મોક્ષમાર્ગ ઇત્યાદિ બધું ગુરુદેવશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે.

(૧૩) પૂજ્ય કહાનગુરુદેવથી તો મુક્તિનો માર્ગ મળ્યો છે તેઓશ્રીએ ચારે બાજુથી મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે. ગુરુદેવનો અપાર ઉપકાર છે. તે ઉપકાર કેમ ભુલાય?

(૧૪) ગુરુદેવશ્રીના પ્રતાપે આખા ભારતમાં ઘણા જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે. પંચમકાળમાં આવો યોગ મળ્યો તે આપણું પરમ સદ્ભાગ્ય છે.

(૧૫) તીર્થંકર ભગવંતોએ પ્રકાશેલો દિગંબર જૈન ધર્મ જ સત્ય છે એમ ગુરુદેવે યુક્તિ–ન્યાયથી સર્વ પ્રકારે સ્પષ્ટપણે સમજાવ્યું છે. માર્ગની ઘણી છણાવટ કરી છે.

(૧૬) ગુરુદેવનું દ્રવ્ય અલૌકિક છે. તેમનું શ્રુતજ્ઞાન અને વાણી આશ્ચર્યકારી છે.

(૧૭) ગુરુદેવે શાસ્ત્રોનાં ગહન રહસ્યો ઊકેલીને સત્ય શોધી કાઢયું ને આપણી પાસે સ્પષ્ટ રીતે મૂકયું છે. આપણે ક્યાંય સત્ય ગોતવા જવું પડયું નથી.

(૧૮) સદ્‌ગુરુના ઉપદેશરૂપ નિમિત્તમાં (નિમિત્તપણાની) પૂર્ણ **શક્તિ** છે.

(૧૯) ગુરુદેવની શ્રુતની ધારા કોઈ જુદી જ છે. તેમણે આપણને તરવાનો માર્ગ દેખાડયો છે, પ્રવચનમાં કેટલુ ઘોળી ઘોળીને કાઢે છે.

(૨૦) જીવનમાં બધો ઉપકાર ગુરુદેવનો જ છે. ગુરુદેવ ગુણથી ભરપૂર છે, મહિમાવંત છે. તેમના ચરણકમળની સેવા અંતરપટમાં વસી રહો.

(૨૧) અહો! અમોઘ–રામબાણ જેવાં ગુરુવચનો! જો જીવ તૈયાર હોય તો વિભાવ તૂટી જાય છે, સ્વભાવ પ્રગટ થઈ જાય છે, અવસર ચૂકવા જેવો નથી.

(૨૨) ગુરુદેવ પોકારી પોકારીને કહે છે કે જ્ઞાયકનો આશ્રય કરી શુદ્ધ પરિણતિ પ્રગટ કર; તે જ એક પદ છે, બાકી બધું અપદ છે.

(૨૩) સંસારથી ભયભીત જીવોને કોઈ પણ પ્રકારે આત્માર્થ પોષાય તેવો ઉપદેશ ગુરુદેવ આપે છે.

(૨૪) ગુરુદેવે સંઘસહિત ઉત્તર અને દક્ષિણની મહાન તીર્થયાત્રા કરીને નગર–નગરમાં શુદ્ધાત્મતત્ત્વની દાંડી પીટીને સત્‌ધર્મની મહાન પ્રભાવના કરી છે. તેઓશ્રીના જ્ઞાનચક્રે આખા હિંદને ડોલાવ્યું છે, ગુરુદેવે ભારતભરમાં ધર્મના આંબા રોપ્યા છે.

(૨૫) આત્માર્થીને ગુરુદેવશ્રીના સાન્નિધ્યમાં પુરુષાર્થ સહેજે થાય છે.

(૨૬) ગુરુના હિતકારી ઉપદેશના તીક્ષ્ણ પ્રહારોથી સાચા મુમુક્ષુનો આત્મા જાગી ઊઠે છે અને જ્ઞાયકની રુચિ પ્રગટે છે.

( ૨૭ ) ગુરુદેવની વાણી સાંભળી વિચાર કર, પ્રતીતિ કર ને કર; તો તને અનંત જ્ઞાન ને સુખનું ધામ એવા નિજ આત્માનાં દર્શન થશે.

( ૨૮ ) પંચ પરમેષ્ઠી ભગવંતોને ઓળખાવનાર એવા હે ગુરુદેવ! આપ જિનેન્દ્રદેવના પરમભક્ત છો, પંચ પરમેષ્ઠીના પરમભક્ત છો, શ્રુતદેવીમાતા આપના હૃદયમાં કોતરાઈ ગયા છે, જિનેન્દ્ર ભગવંતો અને મુનિવરભગવંતોનાં દર્શન અને સ્મરણથી આપનુ અંતઃકરણ ભ**ક્તિ**થી ઉભરાઈ જાય છે.

( ૨૯ ) પૂજ્ય ગુરુદેવે મોક્ષનો શાશ્વત માર્ગ અંદરમાં દેખાડયો છે, તે માર્ગે જા.

( ૩૦ ) હે ગુરુદેવ! આ ભરતખંડમાં આપ વર્તમાનકાળે અજોડ દિવ્ય વિભૂતિ છો, દિવ્ય આત્મા છો. આપે આ ભરતખંડમાં અવતાર લઈને અનેક જીવોને ઉગાર્યા છે, સમ્યક્પંથે દોર્યા છે.

( ૩૧ ) પૂજ્ય ગુરુદેવના ચરણકમળની ભ**ક્તિ** અને તેમનું દાસત્ત્વ નિરંતર હો.

( ૩૨ ) આપનું અદ્ભુત શ્રુતજ્ઞાન ચૈતન્યનો ચમત્કાર બતાવે છે, ચૈતન્યની વિભૂતિ બતાવે છે, ચૈતન્યમય જીવન બનાવે છે. આપના આત્મદ્રવ્યમાં શ્રુતસાગરની લહેરો ઊછળી રહી છે, આત્મપર્યાયોમાં ઝગમગતા જ્ઞાનદીવડા પ્રગટી રહ્યા છે–જે આત્મદ્રવ્યને પ્રકાશી રહ્યા છે. આપનું આત્મદ્રવ્ય આશ્ચર્ય ઉપજાવે છે.

( ૩૩ ) ગુરુદેવનો અમાપ ઉપકાર છે. આ કાળે આવા માર્ગ સમજાવનાર ગુરુદેવ મળ્યા તે અહોભાગ્ય છે.

( ૩૪ ) ગુરુદેવશ્રીએ પોતાના સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા તત્ત્વ પ્રકાશી ભારતને જાગૃત કર્યું છે.

( ૩૫ ) હાલમાં શ્રી કહાન ગુરુદેવ શાસ્ત્રોના સૂક્ષ્મ રહસ્યો ખોલીને **મુક્તિ**નો માર્ગ સ્પષ્ટ રીતે સમજાવી રહ્યાં છે.

( ૩૬ ) સાતિશય ગુણરત્નોથી ભરપૂર ગુરુદેવનો મહિમા અને તેમનાં ચરણકમળની **ભક્તિ** અહોનિશ અંતરમાં રહો. * * *

( પૂજ્ય ન્યાલભાઈ સોગાનીના ભાવભીના હૃદયોદ્ગાર )

( ૩૭ ) ધન્ય હૈ ગુરુદેવ, ઉનકા જન્મદિન વ જન્મજયંતીકા પ્રત્યક્ષ લાભ લેનેવાલા પુણ્યશાલિઓકા સમૂહ જિનકે દર્શનમાત્રસે તીવ્ર મુમુક્ષુ કૃતકૃત્ય હો જાતે હૈં ઐસે ગુરુદેવકે જન્મદિન બારંબાર મનાતે રહેં યહી ભાવના હૈ.

( ૩૮ ) હે ગુરુદેવ ! લોકોત્તર લાભ હેતુ આપકે વચનોં પર શ્રદ્ધા કી હૈ. આશીર્વાદ દેતા હુઆ આપકા મોહક ચિત્ર દેખા હૈ. આપકે આશીર્વાદસે પૂર્ણ આનંદમયી નિધિકો પ્રાપ્ત હો જાઉં... ઐસી તીવ્ર અભિલાષા હૈ, દરિદ્રિકો ચક્રવર્તીપનેકી કલ્પના નહીં હોતી, પામરદશાવાલોકો ‘ભગવાન હૂં–ભગવાન હૂં’ કી રટન લગાના, હે પ્રભો ! આપ જૈસે અસાધારણ નિમિત્તકા હી કાર્ય હૈ.

( ૩૯ ) પરમ પિતાશ્રીને હમ સબ પુત્ર–મંડલકો અટૂટ લક્ષ્મીભંડાર ભોગહેતુ પ્રદાન કિયા હૈ, તીર્થંકર યોગ સૂચિત કરતા હૈ કિ સર્વ સજ્જન પુત્રગણ ઈસ ભોગકો નિઃસંદેહ ભોગતે હુએ નિત્ય અમર રહેંગે.

( ૪૦ ) ( અશ્રુસહિત ગદ્ગદ્ભાવસે ) અનંત તીર્થંકર

હો ગયે, મગર અપને તો ગુરુદેવશ્રી સબસે અધિક હૈં. જૈસે અપનેકો ધનકી જરૂરત હો ઔર કોઈ લખપતિ અપની જરૂરત અનુસાર ધન દેવે તો વહ અપને લીયે દૂસરા કરોડપતિસે ભી અધિક હૈ, ઐસે ગુરુદેવશ્રી અપને લીયે તીર્થંકરસે ભી અધિક હૈં, જિસસે અપનેકો હિત હુઆ હૈ.

(૪૧) ગુરુદેવશ્રીકી સિંહગર્જના ઐસી હૈ કિ દૂસરોંકો નિર્ભય બના દેતી હૈ ઔર જંગલ કે સિંહકી ગર્જના તો દૂસરોકો ભયવાન બનાતી હૈ તો યે સિંહમેં બહોત ફરક હૈ.

(૪૨) મૈં તો મહારાજસા’બ કો શુદ્ધ નિષ્ક્રિય ચૈતન્યબિમ્બ હી દેખતા હૂં, જો વિકલ્પ, વાણી ઔર શરીરકી ક્રિયાયેં હો રહી હૈં, ઉસકો મહારાજસા’બ નહીં માનતા હૂં.

(૪૩) મહારાજસા’બને દુષ્કાલમેં સુકાલ કર દિયા હૈ. યહ કયા કમ મહત્ત્વકી બાત હૈ? ઈસ કાલમેં જહાઁ ઐસી બાત સુનનેકો નહીં મિલતી હૈ વહાઁ ધોધમાર વર્ષા કર દી હૈ.

(૪૪) ગુરુદેવશ્રીકે ઉપદેશમેં ઈતના ખુલાસા હૈ કિ ઇસ નિંવસે ધર્મ પંચમકાલ તક ટિકેગા ઐસા દિખતા હૈ.

(૪૫) પૂ. ગુરુદેવશ્રીને કૈસા વસ્તુસ્વભાવ સ્પષ્ટ કર દિયા હૈ! વહ તો પકા પકાયા હલવા હૈ, અપન તો સીધા ખાતે હૈં, નહીં તો હમારી તો શાસ્ત્રમે સે નિકાલનેકી ઈતની શક્તિ નહીં હૈ.

(૪૬) યહાં તો મહારાજસા’બને ભૂમિકા તૈયાર કર

દી હૈ. બસ, અબ થોડાસા સુખકા બીજ બો દેના, જિસસે મહા આનંદ હોવે.

( ૪૭ ) ગુરુદેવશ્રી ઘોલનસે પર હૈ, લેકિન ઉનકે ઘોલનમેં પરસે જો **કરુણા** હૈ ઉસમેં ન્યાય આદિ નિકલતે હૈ. જૈસે પિતાકા ધન પુત્ર વિના શ્રમ ભોગતા હૈ, ઐસે ગુરુદેવશ્રીસે મિલા હુઆ ન્યાય આદિકો અપન બિના શ્રમ ભોગો..

( ૪૮ ) અહો ! જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય તે ભાવ પણ નુકશાન કર્તા છે, યહ બાત કહનેકી કિસકી તાકાત હૈ ? એ તો ગુરુદેવકા હી સામર્થ્ય હૈ.

( ૪૯ ) સબ બાતકા ગુરુદેવશ્રીને મસાલા તૈયાર કર રખા હૈ, તો કોઈ બાત વિચારની નહીં પડતી, નહીં તો સાધક હો ફીર ભી મસાલા તૈયાર કરના પડતા હૈ.

( ૫૦ ) સોનગઢકી ચિન્મય ભવ્યમૂર્તિકો અધિક સમીપ હોકર ગહન દ્રષ્ટિસે દેખતા રહતા હૂં।

( ૫૧ ) પૂ. ગુરુદેવકી સ્મૃતિ ઈસ સમય ભી આ રહી હૈ, વ આંખોસે ગર્મ આસૂ આ રહે હૈં કિ ઉનકે સંગ રહના નહીં હો રહા હૈ, ઉનકા અસંગરુચિકા ઉપદેશ કાનોમેં ગૂંજતા રહતા હૈ.. ઉસ દિનકી પ્રતિક્ષામેં હૂં કિ કબ ઉસ ગરજતી હુઈ દિવ્યમૂર્તિકે ચરણોમેં શીઘ્ર અપને આપકો પાઉં.

( ૫૨ ) અરે વિકલ્પ ! યદિ તુજે તેરી આયુ પ્રિય હૈ તો અન્ય સબકો ગૌણ કર વ ગુરુદેવકે સંગ લે ચલ, વરના ઉનકા દિયા હુઆ વીતરાગી અસ્ર શીઘ્ર હી તેરા અંત કર ડાલેગા.

( ૫૩ ) હે ગુરુદેવ ! આપ કિતની પહોલાઈ તક પ્રસર ચુકે હો, પહોલાઈ ભી હૈ સાથ હી ઠોસપના ભી. હૈ ગુરુદેવ !

આપકી વાણીકા સ્પર્શ હોતે હી માનોં વિશ્વકી ઉત્તમોત્તમ વસ્તુકી પ્રાપ્તિ હો ગઈ! ક્યાં મૈં મુક્ત હોનેવાલા હૂઁ! અરે! શાસ્ત્રોમેં જિસ મુક્તિકી ઈતની મહિમા બખાની હૈ. ઉસે આપકે શબ્દમાત્રને ઈતના સરલ કર દિયા... સહજ જ્ઞાનકલા.

* * *

(૫૪) જિસ પ્રકાર ભગવાન મહાવીરકા સમવસરણ ભારતમેં સર્વત્ર વિહાર કર જ્ઞાનરૂપી સૂર્યકા પ્રકાશ કરતા થા, ઉસી પ્રકાર આપ ભી ઈસ પંચમકાલમેં જગહ જગહ વિહાર કર અજ્ઞાની જીવોંકો સચ્ચા માર્ગ બતલાકર અજ્ઞાનરૂપી અંધકારકો નષ્ટ કર રહે હૈં.

–શ્રી માંગીતુંગીજી પ્રબંધકારણી કમીટી

(૫૫) ઈસ વિનાશકારી અણુયુગકે ભૌતિક વાતાવરણકે વિરુધ્ધ આધ્યાત્મિકતાકા પ્રસાર કર આપને સહસ્ત્રો દિગ્ભ્રાંત માનવોંકા જીવન હી પરિવર્તન કર દીયા હૈ. આપકે દ્વારા કી ગઈ ભારતીય સંસ્કૃતિ એવમ્ આત્મધર્મકી મહાન સેવા ભારતકે ધાર્મિક ઈતિહાસમેં ચિરસ્મરણીય રહેગી.

–શ્રી દિગમ્બર જૈન સમાજ, ઈન્દોર શહેર

(૫૬) વિજ્ઞાન કે ઈસ યુગમેં આપને જો ચમત્કાર દિખાયા હૈ વહ મહાન હૈ. કયોંકિ વહ ચમત્કાર કિસી ભૌતિક પદાર્થકા નહીં કિન્તુ આત્માકી અનુભૂતિકા હૈ. આત્માકી અનુભૂતિકે ઉસ પવિત્ર આદર્શસે પ્રેરિત હો કર હી, શત યા સહસ્ર નહિ કિન્તુ કોટિ આત્માએેં આપસે પ્રકાશ ઔર પથપ્રદર્શન પ્રાપ્ત કર અપના જીવન ધન્ય માન રહી હૈં.

–શ્રી સકલ દિગંબર જૈન સમાજ, આગ્રા

(૫૭) આપને સાંસારિક વૈભવ ઔર ઇન્દ્રિયક સુખોંકો તિલાંજલી દેકર આજન્મ બ્રહ્મચારી રહકર શ્રી કુંદકુંદસ્વામી દ્વારા રચિત સમયસાર આદિ ગ્રંથોકે અધ્યયનસે અંતર્દ્રષ્ટિ

પ્રાપ્તકર માનવમાત્રકે કલ્યાણકા પ્રશસ્ત માર્ગ દર્શાયા હૈ.

–દિગંબર જૈન સમાજ, આરા

(૫૮) અપની ઉદ્‌બોધક વાણી દ્વારા આપ ભૌતિક સુખોંકી લાલસામેં નિમગ્ન જનતાકો આત્મજ્ઞાનકી ઓર ઝૂકનેકે લિયે સદૈવ ઉપદેશ કરતે હૈં. આપકે દ્વારા કી ગઈ ભારતીય સંસ્કૃતિ એવમ્ આત્મધર્મકી મહાન સેવા ભારતકે ધાર્મિક ઈતિહાસમેં ચિરસ્મરણીય રહેગી.

–જૈન સમાજ, રાજગૃહી

(૫૯) જૈનધર્મ વિશ્વધર્મ હૈ, ઉસકા સૂક્ષ્મ અધ્યાત્મવાદ અદ્વિતીય હૈ. ઉસ અધ્યાત્મવાદકો સરલ ઔર સ્પષ્ટ ભાષામેં સમઝાકર આપને ઈસકી ખ્યાતિમેં ચાર ચાંદ લગા દિયે હૈ.

–જૈન સમાજ, કલકત્તા

(૬૦) આપકે ઈસ સિંહનાદસે કિ “પ્રભુત્વ શક્તિ પ્રાણીમાત્ર કે અંતરમેં અનાદિકાલસે પડી હૈ, અતઃ ઉસ ઓર દ્રષ્ટિ કરે તો પ્રત્યેક પ્રાણી પ્રભુ હો સકતા હૈ” આપને એક નવયુગકા નિર્માણ કરા હૈ.

–શ્રી જૈન સમાજ, સહારનપુર

(૬૧) આપકે દર્શન માત્રસે હી આપકી અધ્યાત્મિક વિદ્વતાકી ઝલક ઝલકને લગતી હૈ. આપકી (આધ્યાત્મિક પ્રતિભાવિશિષ્ટ પ્રવચન શૈલીને તો જનસાધારણકો હી નહીં અપિતુ વિદ્વદ્‌વૃંદકો ભી મુગ્ધ કર દિયા હૈ.

–જૈન સમાજ, મદ્રાસ

(૬૨) યોં તો સહસ્ત્રોં માતાએં પુત્રો કો જન્મ દેતી હૈં પરંતુ ધન્ય હૈ ઉસ જનની ઉજમબા કો જિસને અપની કોખસે આપ જૈસા નરરત્ન જાયા હૈ.

–સકલ દિગંબર જૈન સમાજ, અલીગઢ

(૬૩) આપકે સદુપદેશકે પ્રભાવસે સોનગઢ એક તીર્થસા બન ગયા હૈ.

–દિગંબર જૈન સમાજ, લાડનૂ

( ૬૪ ) આપકે દ્વારા શુદ્ધ સત્યકા નિરૂપણસે જનતાકો એક મંગલ માર્ગ સિદ્ધ હુઆ હૈ. –જૈન સમાજ દેહલી કી ઓરસે –રામકૃષ્ણ જૈન

( ૬૫ ) હે જ્ઞાનદૂત! આપને સમયસાર કે ગહન અધ્યયનકે પશ્ચાત્ જિસ પ્રકાર ધર્મકે વાસ્તવિક સ્વરૂપકો સમજાયા હૈ, વહ અવર્ણનીય હૈ.” –શ્રી દિગંબર જૈન નવયુવક સંઘ, કાનપુર

( ૬૬ ) આપ કલિકાલરૂપી રજની મેં નક્ષત્રોં કે બીચ ચન્દ્રમાકે સમાન પ્રકાશવાન હો રહે હૈં. –જૈન બંધુ. ભાગલપુર

( ૬૭ ) ભારતનો આખો દિગંબર જૈન સમાજ આપની મધુર આધ્યાત્મિક વાણીથી વીતરાગ માર્ગ પ્રતિ વળી રહ્યો છે તેથી હે સૌરાષ્ટ્રના સંત! આપને ધન્ય છે!

–દિગંબર જૈન સમાજ, સોનાસણ

( ૬૮ ) આપકે પ્રવચન જૈન સાહિત્યકી અનમોલ નિધિ હૈ, જો આત્માર્થી જનોંકે લિયે સદૈવ માર્ગદર્શક બને રહેંગે.

–જૈન સમાજ, મલકાપુર

( ૬૯ ) આપ અનેક પદભ્રષ્ટ જીવોંકો સુકલ્યાણકે માર્ગ પર લાયે હૈં ઔર આપને સારે જિનશાસનકી મહાન ઔર અપૂર્વ પ્રભાવના કી હૈ. –પ્રમુખ, દિગંબર જૈન મુમુક્ષુ મંડળ, રિન્દ

( ૭૦ ) આપકે દિવ્યોપદેશ દ્વારા અનેક બંધુઓને બાહ્યાડંબર ઔર અંધવિશ્વાસ ખોકર ધર્મકા સત્સ્વરૂપ સમજકર અપની આત્માનુભૂતિકા અમૃતપાન કર સત્યકી પ્રતિષ્ઠા હેતુ સત્ધર્મકો ગ્રહણ કિયા હૈ અતએવ જૈન સમાજ આપકી ચિરકૃતજ્ઞ એવં ઋણી હૈ.

–સકલ દિગંબર જૈન સમાજ, પનાગર, જિલ્લોઃ જબલપુર

( ૭૧ ) આપે આપના આત્માને જગાડયો એટલું જ નહીં, પણ અનાદિની અવિદ્યામાં સૂતેલી દુનિયાને ભેદજ્ઞાનની ભેરીથી જગાડી આત્માર્થ ભણી લગાવ્યા છે અને ઘણા

જીવોને નવજીવન અર્પ્યું છે. –મુમુક્ષુ મંડળ, રખીયાલ સ્ટેશન

(૭૨) આજ આપસે યુગકો એક નઈ દિશા મિલી હૈ. ચિરવિસ્મૃત થા વહ સાહિત્ય જિસકી આપસે સૃષ્ટી હુઈ હૈ. આપકી યહ ક્રાન્તિ ચરમ સ્વાધીનતાકી ઉપલ**બ્ધિ** તક ચૈતન્યકે અંતર વિકારકા ક્ષય કરતી હુઈ અમર રહે, જયવંત રહે.

–દિગંબર જૈન મુમુક્ષુગણ, કોટા

(૭૩) આપકે પ્રવચનો દ્વારા વ્યવહારધર્મકા સાકારરૂપ તથા નિશ્ચય રત્નત્રયધર્મકા જો પ્રચાર ઈસ યુગમેં હુઆ હૈ વહ અતીતકે ઈતિહાસકો સ્મરણ દિલાતા હૈ. –મુમુક્ષુગણ, ઉદયપુર

(૭૪) આપકે આત્મસ્પર્શી ધર્મોપદેશકો સુનકર અનાયાસ હી વ્ય**ક્તિ**મેં ચમત્કારિક રૂપસે આત્મમંથનકી ધૂન જાગ ઉઠતી હૈ.

–જૈન સમાજકે સદસ્યગણ; ડોંગરગઢ

(૭૫) આપમેં અનેક અનુપમ ગુણ વિદ્યમાન હૈં જિસકા મૂર્તિમાન રૂપ સોનગઢ હૈ જહાં જૈનધર્મકી ઉજ્જવલ પતાકા ફહરા રહી હૈં.

–પોન્નૂર ગ્રામવાસી–કુંદકુંદાચાર્ય જૈન સંઘ

(૭૬) હે જ્ઞાનેન્દ્ર! આપને વસ્તુસ્વભાવકી સ્વતંત્રતાકા ઢંઢોરા પીટા હૈ. –દિગંબર જૈન મુમુક્ષુ મંડળ, ઉજ્જૈન

(૭૭) મૈં સોનગઢ આ ગયા હૂં, શિખરજી ભી આયા થા, બમ્બઈ ભી આયા ઔર સોનગઢકા દસ વર્ષકા સાહિત્ય મૈ ને સૂક્ષ્મતાસે પઢા; મૈં અપને અનુભવસે વ અધિકારસે યહ કહ સકતા હૂં કિ આજ ઈસ ભારતકે દાર્શનિકોમેં જૈનદશનકા સર્વશ્રેષ્ઠ દાર્શનિક કાનજીસ્વામી હૈ, અપની અનોખી શૈલીસે આપને સમયસાર આદિકા રહસ્ય સમઝાયા હૈ, જૈનદર્શનકી જિતની ઊંચી સે ઊંચી સેવા હો સકતી હૈ વહ સ્વામીજીને કી હૈ ઈસલિયે જૈનસમાજ કી ઉપર આપકા બડા ઉપકાર હૈ. જૈન–સમાજકી ઓરસે મૈં આપકો કિન શબ્દોમેં શ્રદ્ધાંજલિ દૂં!

–એ. ડી. જજ શ્રી ફૂલચંદજી સાહેબના ભાષણમાંથી, જબલપુર

(૭૮) ભારતવર્ષમાં આજે આપણને આ મહાન વિશ્વવંદ્ય વિભૂતિ અધ્યાત્મસંતના સુયોગ બન્યો છે તે આપણી કોઈ પૂર્વ તપસ્યાનું જ ફળ સમજવું જોઈએ.

–પં. અયોધ્યાપ્રસાદજી, ડાલમીયાનગર.

(૭૯) સર્વાર્થસિદ્ધિ સી સ્વર્ણપુરીકા કણ કણ આજ ચૈતન્યગીતોસે મુખરિત હો રહા હૈ. આજ સોનગઢ વિશ્વમેં અધ્યાત્મવિદ્યાકા એકમાત્ર કેન્દ્ર હૈ. સાતિશય પુણ્યશાલી કિન્તુ પુણ્યકે અતિશયોંસે અપ્રભાવિત ઈન સર્વોદયી યુગ–નેતાસે આજ સારા હી વિશ્વ ઉપકૃત હો રહા હૈ. –શ્રી યુગલજી, કોટા

(૮૦) આપકી પ્રવચનશૈલી અનુપમ ઔર પ્રભાવક હોનેસે શ્રોતાગણ મંત્રમુગ્ધ હો જાતા હૈ. આપ નિશ્ચય–વ્યવહાર, ઉપાદાન–નિમિત્ત, દ્રવ્યકા સ્વતંત્ર પરિણમન આદિકા સુંદર વિવેચન કરતે હૈં. ઈસ યુગકે મહાન આધ્યાત્મિક સંત! આપકી વાણી સંસારી પ્રાણીયોંકે લિયે અમૃતવાણી હૈ.

(૮૧) સોનગઢ અથવા શ્રમણગઢ–એટલે કે સાધુ–સન્તોના નિવાસનું ધામ. કાઠિયાવાડમેં દિગંબર જૈનધર્મકે પ્રચારકા પહલા શ્રેય આપકો (પૂજ્ય કાનજીસ્વામીકો) હૈ. સોનગઢકી હવા શાસ્ત્રમય હૈ. સિદ્ધાંતમેં વર્ણિત નિશ્ચયનયરૂપ સોનેકી પરખ ઈસ ઝૌહરીને કી હૈ. –પંડિત દામોદરદાસજી, સાગર

(૮૨) "ઐસા વાતાવરણ સારે હિન્દમેં ફૈલ જાવે" : હમ સ્વામીજીકે ચરણોંમેં શ્રદ્ધાંજલિ દેતે હૈ, શ્રદ્ધા કરતે હૈ. હમ સહૃદયસે કહતે હૈ કિ સોનગઢ જૈસા વાતાવરણ સારે હિન્દુસ્તાનમેં ફૈલ જાવે ઔર ભારતકે કોને કોનેમેં સબ જગહ યહ બાત ફૈલ જાવે.

–પંડિત રાજેન્દ્રકુમારજી, મથુરાવાલા

(૮૩) પૂજ્ય શ્રી કાનજીસ્વામી જૈન સમાજકી ઉન

વિભૂતિયોં મેં સે હૈ જિનમેં પવિત્રતા તથા સગમકી બહુલતા રહી હૈ. શતાબ્દિયોંકે ઉપરાન્ત માનો એક નિધિ યુગકો મિલી હૈ, જિસે પાકર યુગકે સોયે ભાગ્ય જાગ ઊઠે હૈં! –શ્રી યુગલજી, કોટા

(૮૪) દેખો! યે મહાપુરુષકે દ્વારા અબુદ્ધિ પૂર્વકકી એક સામાજિક ક્રાંતિ હો ગઈ. ગુરુદેવશ્રીને તો તત્ત્વ બતાયા, જિનવાણી બતાઈ, આત્માકા સ્વરૂપ બતાયા, સર્વજ્ઞકા સંદેશ સુનાયા, ઉનકે હૃદયમેં કોઈ સામાજિક ક્રાંતિકા ઉદ્દેશ નહિ થા. લેકિન વો અપને આપ ઐસી ઘટ ગઈ કિ અનેક ભાષાવાલે, અનેક પ્રાંતવાલે, અનેક રીતિ–રીવાજવાલે, અનેક સંસ્કૃતિયાં આકરકે એક બન ગઈ. યે એક સાંસ્કૃતિક ક્રાંતિ ભી હુઈ એક સામાજિક ક્રાંતિ ભી હુઈ.

–પં. અભયકુમારજી જૈન, જયપુર

(૮૫) આ કાળે **આત્મિક** ઉત્કર્ષના મહાન પ્રણેતા અને ભારતના સંત પૂજ્ય શ્રી કાનજીસ્વામીને હું મારા તરફથી તેમ જ મારી સંસ્થાના બીજા મેમ્બરો તરફથી અભિનંદન પાઠવું છું. તેઓશ્રી જૈનધર્મના અને સમાજના **આત્મિક** ઉત્કર્ષ માટે લાંબું આયુષ્ય ભોગવો–એવી અમારા સૌની ભાવના છે.

–શ્રી વનેચંદ શેઠ, **આત્મિક** ઉત્કર્ષની કોંગ્રેસના સભ્ય, ટોકિયો–જાપાન

(૮૬) આપના ઉપદેશનું બધું વજન આત્મા ઉપર છે અને એ જ ભારતની બ્રહ્મવિદ્યા છે. લોકોને આ વાતની ખાસ જરૂર છે.

–શ્રી ઢેબરભાઈ, કોંગ્રેસ પ્રમુખ, દિલ્હી

(૮૭) આપ તો ખરેખર મંગલ આત્મસ્વભાવે પરિણમી ગયા છો. આપના દર્શન પણ મંગલ છે, આપની પવિત્ર વાણી પણ મંગલ છે, આપની વાણીનું વાચ્ય પણ મંગલ શુદ્ધાત્મા છે અને તેને ભલી રીતે ગ્રહણ કરનાર પણ મંગલમય બની જાય છે.

–નાઈરોબી મુમુક્ષુ મંડળ, આફ્રિકા

(૮૮) "કુંદકુંદ ભગવાનને તો શાસ્ત્રોં મેં સબ કહા હૈ કિન્તુ ઉસકા રહસ્ય સમજાનેકે લિયે આપકા જન્મ હૈ" સમ્યગ્દ્રષ્ટિકે બિના કોઈ યહ બાત નહીં સમઝ સકતા. મિથ્યાદ્રષ્ટિ–અજ્ઞાની જીવ આપકી બાત નહીં સ્વીકાર કરતા. સમ્યગ્દ્રષ્ટિ જૈસે જીવ હી આપકી બાત સમજ સકતે હૈ. હમકો બહુત આનંદ આતા હૈ.

અહો સભાજનો! આપકા બડા ભાગ્ય હૈ કિ આપ સત્‌પુરુષકે અધ્યાત્મ ઉપદેશકા બડી રુચિસે નિત્ય લાભ લે રહે હો; મૈં તો તુચ્છ આદમી હૂઁ, આપ તો બડે ભાગ્યવાન હો, હમ તો અલ્પ લાભ લે શકે હૈં, તો ભી હમારે આનન્દકા ક્યા કહૂં? યદિ ઈસ અધ્યામજ્ઞાનકે લિયે મેરા સબ કુછ અર્પણ કિયા જાય તો ભી કમ હૈ!

મહારાજજીકા યહ અદ્‌ભુત તત્ત્વજ્ઞાન તમામ દુનિયામેં સબ ભાષામેં પ્રચાર હોવે ઐસી હમારી ભાવના હૈ!

–સર શેઠશ્રી હુકમીચંદજી જૈન, ઈન્દોર

(૮૯) પૂજ્ય સ્વામીજીએ ધર્મની ઘણી સેવા કરી છે તે સુવિદિત છે. તેઓશ્રી અને તેઓશ્રીના સાન્નિધ્યમાં અનેક જીવો સોનગઢમાં જે આત્મસાધના કરી રહ્યાં છે તે આપણને પ્રેરણાદાયક છે. તેઓશ્રીનાં પ્રેરણાદાયી પ્રવચનોથી આપણને જીવનમાં સન્માર્ગ સાંપડયો છે. આ ઉંમરે પણ તેઓશ્રીના તરફથી આપણને પ્રેરણા મળી રહી છે તે આપણા સદ્‌ભાગ્ય છે. હું ઈશ્વરને પ્રાર્થના કરું છું કે તેમના જ્ઞાન ને અનુભવનો લાભ સદા મળતો રહો.

–રાજયપાલ શ્રી પ્રભુદાસ પટવારી, મદ્રાસ

(૯૦) મુજે બડી પ્રસન્નતા હુઈ. મૈં ફિર એકબાર અપના આદર, સન્માન ઔર શ્રદ્ધાંજલિ પ્રગટ કરતા હૂઁ.

(અનુસંધાન પાનું ૩૯ ઉપર)

| શુદ્ધિઃ– | પૃષ્ઠ | લાઈન | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|---|
| | ૭ | ૨ | કર ને કર | કર ને કર |
| | ૧૦ | ૧ | સબ | અબ |

સંતો કહે છે કે અમે ભગવાનને અનુસરીને તને કહીયે છીએ કે

# તું સ્વભાવપણે પરિણમવાને લાયક જ છો -એમ નિ:સંદેહ થા.

પંચમ આરાના મુનિ પંચમ આરાના અપ્રતિબુદ્ધ શ્રોતાઓને સંબોધે છે કે નિત્યનિગોદના જીવને પણ અંતરમાં સ્વભાવપણે પરિણમવાની તાકાત છે, ભલે નિગોદમાં ન પરિણમી શકે પણ નિગોદનો અનાદિશાંત ભાવ કરીને, મનુષ્ય થઈને પંચમ પારિણામિકભાવનો અનુભવ કરીને સિદ્ધનો સાદિ–અનંત ભાવ પ્રગટ કરી શકે છે, તો હે જિજ્ઞાસુ! તું તો નિગોદમાંથી બહાર નીકળ્યો છે, મનુષ્યપણું પામીને પંચમ પરમભાવને બતાવનારી જિનવાણી સાંભળવા આવ્યો છે, સાંભળે છે તો તું પરમાત્મપણે પરિણમી શકે એવો જ છો. અમે તને કહીયે છીએ કે તું સ્વભાવપણે પરિણમવાને લાયક જ છો માટે સંદેહ ન કર, નિ:સંદેહ થા. અમે તને કહીયે છીએ કે તું સ્વભાવપણે પરિણમવાને લાયક છો, તો પછી તું નિ:સંદેહ કેમ થતો નથી? અમે તો ભગવાનને અનુસરીને તને આ કહીયે છીએ માટે તું નિ:સંદેહ થા, વિશ્વાસ લાવ, પંચમ આરો કે ઓછા પુણ્ય કે ઓછપને લક્ષમાં ન લે, તું પૂરણ પરમાત્મતત્ત્વ છો ને તે–પણે પરિણમવાને લાયક જ છો. અભવ્ય જેમ પરિણમવાને લાયક નથી તેમ નિત્યનિગોદના જીવ પરિણમવાને લાયક નથી એમ નથી, તો પછી તું જિજ્ઞાસાથી આ સાંભળવા આવ્યો છો માટે તું પરિણમી શકે એવો છો–એમ નિ:સંદેહ થા, ભલે કોઈ રાગાદિ હોય પણ એ તને નડતર નથી, એ તો જ્ઞાનના જ્ઞેય તરીકે વિષય છે. માટે તું હીણપ ને ઓછપનો આશ્રય છોડને સ્વભાવપણે પરિણમવાને લાયક જ છો એમ નિ:સંદેહ થા!

શ્રી નિયમસાર ગાથા–૧૧૦ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના અલૌકિક પ્રવચનમાંથી

( અનુસંધાન પાનું ૩૫ ઉપર )

( ગતાંકથી ચાલુ )

## શુદ્ધાત્મ–અવલોકન

## जाण अलिंगग्गहणम्।

( પ્રવચનસાર, ગાથા–૧૭૨ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી )

* પ્રવચન ચોથું *

( વીર સં. ૨૫૦૪, કારતક વદ ૦)), શનિવાર, તા. ૧૦–૧૨–૭૭ )

આ અલિંગગ્રહણના વીસ બોલ ચાલે છે. તેમાં પહેલા બોલમાં એમ કહ્યું કે પ્રભુ આ આત્મા છે તે જ્ઞાયક છે. એ **ઇન્દ્રિયો** વડે જાણનારો નથી. ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ છે તેને **ઇન્દ્રિયો** વડે જાણવું થતું નથી, પણ **અતીન્દ્રિય** જ્ઞાનથી જાણવું થાય છે એમ એમાં આવ્યું. આજે આ ચોથો બોલ ચાલશે તેની સાથે આ મેળવણી ચાલે છે. ચોથા બોલમાં એમ છે કે બીજાઓ વડે માત્ર લિંગ દ્વારા જેનું ગ્રહણ થતું નથી–એવા શબ્દો આમાં છે; પોતાથી અનુમાનથી જાણવાલાયક નથી એમ આમાં નથી કહ્યું. બીજાને પ્રત્યક્ષ થયું હોય તો એ બીજાને અનુમાનથી પછી જાણે, પ્રત્યક્ષ થયેલો બીજાને અનુમાનથી જાણે પણ પોતાના અનુભવ વગર કેવળ અનુમાનથી જ બીજા વડે જણાય એવો આત્મા નથી. જેને સમ્યગ્દર્શન થાય છે તે આત્માને અંદર પ્રત્યક્ષ જાણે છે. આનંદની અપેક્ષાએ પ્રત્યક્ષ કહેવાય છે, જ્ઞાનની અપેક્ષાએ તેને પરોક્ષ કહેવાય છે. કારણકે મતિ–શ્રુત પરોક્ષ છે. અનુભવ–જ્ઞાનની અપેક્ષાએ, આનંદની અપેક્ષાએ તેને પ્રત્યક્ષ કહેવામાં આવે છે. જ્ઞાન છે તે પરોક્ષ છે પણ આત્માને સમ્યગ્દર્શન થતાં આત્માના **અતીન્દ્રિય** આનંદનો સ્વાદ આવે એ કાંઈ પરોક્ષ નથી. એ અપેક્ષાએ જ્ઞાનથી પણ પ્રત્યક્ષ થઈ શકે એમ આનંદની અપેક્ષાએ કહેવામાં આવે છે.

પંડિત પ્રવર શ્રી ટોડરમલ્લજીએ રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં લખ્યું છે કે અનુમાનથી જણાવાલાયક છે, ત્યારે શિષ્યે પ્રશ્ન કર્યો કે અનુભવ પ્રત્યક્ષ છે એમ કહ્યું છે ને? –કે એ આનંદની અપેક્ષાએ કહ્યું છે. અનુમાનથી નથી વેદતો પણ આનંદ પોતે પોતાને વેદે છે. અથવા જે આગમથી

અનુમાનથી જાણ્યું તે પોતાના વર્તમાન પરિણામને આત્મામાં મગ્ન કરે છે; પર તરફ વળેલા પરિણામને અંદર વસ્તુ તરફ મગ્ન કરે છે ત્યારે તે આત્મા જાણવામાં આવે છે. આ વાત સમજમાં આવતી નથી તેથી લોકોને આકરું લાગે છે.

અહીં કહે છે કે ભગવાન જ્ઞાયક જાણનારો છે ને તે જાણનારો પરને **ઇન્દ્રિયો** દ્વારા જાણે છે એમ નથી, એ તો **અતીન્દ્રિય** જ્ઞાનમય છે, તેથી **અતીન્દ્રિય** જ્ઞાનથી પરને જાણે છે, એમાં સ્વનું જાણવું આવી જાય છે. અત્યારે જે ચોથો બોલ છે તેમાં પોતે પોતાને અનુમાનથી જાણતો નથી એ આમાં આવતું નથી પરંતુ બીજા વડે પોતે કેવળ અનુમાનથી જાણી શકાય નહિ એમ આવ્યું; પણ પોતે પોતાને અનુમાનથી જાણી શકે નહિ એમ ન આવ્યું, એ આમાં–બીજા બોલમાં આવી જાય છે. એનું જ્ઞાન અનુમાનથી થતું નથી એ બીજા બોલમાં આવે છે.

જ્ઞાનસ્વરૂપી ભગવાન એ જ્ઞાનની વર્તમાન પર્યાયમાં એ **ઇન્દ્રિય** દ્વારા પરને જાણે એવો આત્મા નથી. એ તો **અતીન્દ્રિય** જ્ઞાનમય હોવાથી **અતીન્દ્રિય** જ્ઞાનથી જાણે. બીજાને પણ **અતીન્દ્રિય** જ્ઞાનથી જાણે, એટલે એમાં એમ પણ આવી ગયું કે પોતે પણ **અતીન્દ્રિય** જ્ઞાનથી જ જણાય, એકલો અનુમાનથી આત્મા જાણી શકાય એવો આત્મા નથી એને તો જ્ઞાનની વર્તમાન પર્યાય અંદર લીન કરે એટલે પ્રત્યક્ષ થાય ત્યારે તે જાણી શકાય એવો છે. આહાહા! આવી ઝીણી વાતો છે બાપુ! ભગવાન–આત્માજ્ઞાન–નો સાગર **અતીન્દ્રિય** જ્ઞાન સ્વરૂપ છે! તે **અતીન્દ્રિય** જ્ઞાનસ્વરૂપ હોવાથી પરને **ઇન્દ્રિય** દ્વારા જાણે એવો એ નથી એને તો **અતીન્દ્રિય** જ્ઞાનથી જાણવું થાય છે; જણાય છે એ બીજા બોલમાં છે. આ તો ચોથા બોલમાં એમ આવ્યું કે બીજાઓ વડે માત્ર લિંગ દ્વારા જેનું ગ્રહણ થતું નથી તો પછી પોતે પણ લિંગ દ્વારા–અનુમાન દ્વારા ગ્રહણ થતો નથી એમ આમાં કેમ ન આવ્યું? –એમ પ્રશ્ન ઉઠતાં કહે છે કે બીજા બોલમાં એનો ખુલાસો આવી જાય છે. બીજા બોલમાં એમ કહ્યું કે જણાવાયોગ્ય એનું લિંગો વડે–**ઇન્દ્રિયો** વડે ગ્રહણ થતું નથી એટલે કે પોતે **ઇન્દ્રિયો** વડે જણાવાયોગ્ય નથી એમ એમાં આવે છે. ચોથા બોલમાં બીજાઓ વડે અનુમાન–તે પણ 'કેવળ અનુમાન' એમ શબ્દ લીધો છે એટલે કે બીજાઓ માત્ર અનુમાનથી આત્માને જાણે એવો આત્મા નથી.

## બીજાઓ વડે માત્ર લિંગ દ્વારા જ જેનું ગ્રહણ થતું નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા અનુમેયમાત્ર (કેવળ અનુમાનથી જ જણાવાયોગ્ય) નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૪)

બીજાઓ વડે માત્ર એટલે કે બીજાઓ પ્રત્યક્ષ થઈને અનુમાનથી જાણે પણ જેને આત્મા પ્રત્યક્ષ થયો જ નથી એવા બીજાઓ વડે આત્મા કેવળ અનુમાનથી જાણવાલાયક નથી. આ તો અંદરની ઘણી ઝીણી વાતો છે. ભાઈ ધીમેથી સાંભળવું. મૂળ પ્રથમ સમ્યગ્દર્શનનો વિષય જ સૂક્ષ્મ છે. સમ્યગ્દર્શન નિર્વિકલ્પ છે અને તેનો વિષય પણ નિર્વિકલ્પ પૂર્ણ, અભેદ, અખંડ છે, એનો વિષય પર્યાય પણ નથી. ગુણભેદ પણ નથી. અહીં કહે છે કે આત્મા કેવળ અનુમાનથી જાણી શકાય નહીં એવું આમાં **ક્યાં** આવ્યું? આમાં તો બીજાઓ વડે જાણી શકાય નહીં એમ કહે છે અને એમાં પણ બીજાઓ વડે માત્ર લિંગદ્વારા, એકલા અનુમાન દ્વારા જણાય એવો આત્મા નથી–એમ કહ્યું છે. પોતા વડે પોતાને અનુમાનથી જણાવાયોગ્ય નથી એમ આમાં કહ્યું નથી. આ જ્ઞાન તે આત્મા અને આત્મા તે જ્ઞાન તેને અનુમાન કહે છે, પણ એ અનુમાન કરીને પછી પરિણામ અંતર લીન થાય ત્યારે તે પ્રત્યક્ષ જાણવામાં આવે છે. પ્રથમ સમ્યગ્દર્શનની વાત જ બહુ ઝીણી છે અને એમાં અત્યારે વાંધા ઊઠયા છે. આત્મા વસ્તુ છે તેને જ્યાં સુધી પ્રત્યક્ષ કરીને જાણે નહીં ત્યાં સુધી તે સમ્યક્દ્રષ્ટિ નથી, અને તે સમ્યગ્દ્રષ્ટિ નથી તો પછી ગમે તેટલા વ્રત, તપ, **ભક્તિ**, પૂજાના ભાવ કરે તોપણ એને ધર્મ છે જ નહીં.

આમાં બીજાઓ વડે માત્ર લિંગ દ્વારા એમ કહ્યું છે પણ પોતા વડે જ માત્ર લિંગ દ્વારા જણાવાયોગ્ય નથી એમ આમાં આવતું નથી, અને પોતે પણ રાગથી તો જણાવાયોગય નથી; ઇન્દ્રિયથી જણાવાયોગ્ય નથી; તેમ **ઇન્દ્રિયથી** થતું જ્ઞાન તેનાથી પણ જણાવાયોગ્ય નથી. આ સાંભળવું આદિ છે તે જ્ઞાનની પર્યાય તો પોતાથી થાય છે પણ સાંભળવું આદિ જ્યાં નિમિત્ત છે એ નિમિત્તનું થતું જ્ઞાન ભલે પોતાથી થયું પણ એ જ્ઞાન દ્વારા પણ આત્મા જણાવાલાયક નથી. ધર્મનો સહેલામાં સહેલો રસ્તો જ આ છે. પ્રથમ અનુમાનથી જાણે ને પછી પરિણામને અંદર લીન કરે ત્યારે આત્મા જણાય. જ્ઞાની

પણ બીજાને પ્રત્યક્ષ વિના ઓળખાય નહીં. પ્રત્યક્ષ થયું હોય તે બીજાને જાણે ત્યારે અનુમાન કરીને ઓળખ્યું એમ કહેવાય છે. એકલા અનુમાનથી બીજાને ઓળખી શકાય નહીં. અહીં પણ એ જ કહે છે કે બીજાઓ વડે માત્ર અનુમાનથી આત્મા જણાતો નથી. બીજાઓ વડે જેને આત્મા પ્રત્યક્ષ થયેલો છે તે અનુમાનથી આ આત્મા છે, આ ભવી છે, આ સમકિતી છે એમ જાણી શકે.

શ્રી સર્વાર્થસિદ્ધિશાસ્ત્રમાં એમ કહ્યું છે કે આ જીવ કાઠિયાવાડી છે કે દક્ષિણી છે એમ પ્રથમ અવગ્રહ કરે, પછી વિચાર કરે, પછી નિર્ણય કરે ને પછી ધારણા રાખે. પણ શ્રી ધવલા ટીકામાં એમ કહ્યું છે કે આ જીવ ભવી છે કે અભવી? એને મતિજ્ઞાન દ્વારા પકડતા એને સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર છે એવું બીજાઓ જાણી શકે છે ને એના દ્વારા ભવી છે એમ નક્કી કરી શકે છે. મતિજ્ઞાનમાં બીજાનો વિચાર કરતાં આ જીવ ભવી છે કે અભવી? એનો નિર્ણય કરતાં એ જીવ સમ્યગ્દ્રષ્ટિ-જ્ઞાની છે એવું મતિજ્ઞાનમાં એને જણાઈ જાય છે ને તેથી તે જીવ ભવી છે એમ એને નિર્ણય થઈ જાય છે. જેને પ્રત્યક્ષ થયેલો છે તેને અનુમાનમાં આવો નિર્ણય થઈ જાય છે.

લોકોને તત્ત્વની ખબર નથી અને એમ ને એમ ધર્મ કરીએ છીએ એમ માને તે ક્યાંથી ધર્મ થાય? શુભભાવ દયા, દાન, વ્રત, **ભક્તિ**નો ભાવ એ બધો રાગ છે, પરસન્મુખનો ભાવ છે. પરસન્મુખની દિશા જ પર ઉપર છે. જ્યાં ચૈતન્ય ભગવાન **અસ્તિ**પણે-હયાતી ધરાવતી ચીજ પૂર્ણાનંદ પ્રભુ છે એમાં પર્યાયને લીન કરીને, પર દિશા તરફ હતી તેને સ્વદશાવાનમાં લીન કરી-જે પર્યાય પર તરફની દિશા તરફના વલણવાળી હતી તે તો ગઈ, વ્યય થઈ, હવેની પર્યાય જે નવીન થઈ ને અંતરમાં વળી-તેને સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર થાય. એવા સમ્યક્દ્રષ્ટિ-જ્ઞાન-ચારિત્રવંત બીજાઓ વડે એકલા અનુમાનથી જણાય નહીં. એ તો પોતાને આત્મા જ્ઞાનપ્રત્યક્ષ થયો હોય, રાગથી ભિન્ન પડી જ્ઞાનસ્વરૂપી ભગવાનનું જ્યાં વેદન થયું હોય, આનંદનું જ્યાં વેદન થયું હોય, અને જ્ઞાનમાં એ આત્મા પરની અપેક્ષા વિના પ્રત્યક્ષ જણાયો હોય, જાણનારને પોતાનો આત્મા પ્રત્યક્ષ થયો હોય-વેદનમાં આવ્યો હોય એ પ્રત્યક્ષ સહિત અનુમાનથી બીજાને જાણી શકે. પરંતુ જેને પ્રત્યક્ષ થયો જ નથી

એવા બીજાઓ વડે કેવળ અનુમાનથી જણાવાયોગ્ય આત્મા નથી.

બીજાઓ વડે માત્ર લિંગ દ્વારા જ જેનું ગ્રહણ થતું નથી તે આત્મા અલિંગગ્રહણ કહેવામાં આવે છે; આ રીતે આત્મા અનુમેયમાત્ર-કેવળ અનુમાનથી જ જણાવાયોગ્ય નથી. અહીં 'બીજાઓ વડે' એમ શબ્દ નાખ્યો છે ને! એટલે અહીં બીજાઓ વડે કેવળ અનુમાનથી જણાવાયોગ્ય નથી એમ લેવું, કેવળ અનુમાનથી જ પોતાને પોતાનો આત્મા પણ જણાવાયોગ્ય નથી એમ આમાંથી નથી નીકળતું, એ અર્થ બીજા બોલમાંથી નીકળે છે. અહીં તો બીજાઓ વડે માત્ર લિંગદ્વારા- જ જેનું જાણવું થતું નથી એટલે કે કેવળ અનુમાનમાત્રથી જ જણાવાયોગ્ય નથી પણ જેને આત્મા પ્રત્યક્ષ થયો છે તે બીજાને પ્રત્યક્ષ થયેલા આત્માનો પ્રત્યક્ષ સહિત અનુમાનથી નિર્ણય કરે છે; પોતા વડે માત્ર લિંગ દ્વારા જાણવું થતું નથી એમ અહીં શબ્દ નથી, પોતા સિવાય બીજાઓ આ આત્માને કેવળ અનુમાનથી જાણે એવો આત્મા નથી. આહાહા! આવી વાતો સમજવા જેવી ઝીણી છે. 'બીજાઓ વડે' અને 'માત્ર લિંગ' એ બન્ને શબ્દો ઉપર વજન છે. આ તો અધ્યાત્મના શબ્દો છે એના એક એક અક્ષરની ખૂબ કિંમત છે. આ કાંઈ વાર્તા-કથા નથી. આ તો ભગવાન સ્વરૂપને પામવાની કથા છે ને પામ્યો એને ભવનાં અંત આવી ગયા.

જેમ મનુષ્યના અનંત ભવ કર્યા એથી અસંખ્યગુણા અનંતા નરકના કર્યા ને એથી અસંખ્યગુણા અનંતા સ્વર્ગના કર્યાને એથી અસંખ્યગુણા અનંતા નિગોદના કર્યા; હવે અહીં સિદ્ધ એ કરવું છે કે એક ક્ષણના એનાં નરકનાં દુઃખો કરોડો જીભથી ને કરોડો ભવથી કહી શકાય નહીં. ભાઈ! એ દુઃખ કેવું હશે? અરે! એને આત્મા તો જાણવામાં ન આવ્યો પણ એ દુઃખ કેટલું અનુભવ્યું એ પણ જાણવામાં ન આવ્યું. નરકમાં એક ભવમાં તો અસંખ્ય ક્ષણ છે, એક ભવમાં અનંત ક્ષણ નથી કારણકે આયુષ્ય સાગરોપમ છે.

શ્રી ભાવપાહુડમાં આવ્યું છે કે તારાં દુઃખને દેખીને તારી જનની પણ એટલી રોઈ છે, મનુષ્યપણે તું જન્મ્યો ને જ્યારે મરણ પામ્યો અને તારી માતા એટલું રોઈ-રડી છે કે જેનાં આંસુનાં દરિયા-સમુદ્ર ભરાય-એવી અનંતી જનનીઓ કરી છે. આ દુઃખ હજી નરકના હિસાબે તો

અનંતમાં ભાગે છે, નરકનું દુઃખ તો એથી અનંતું છે. અરે! એણે કોઈ દિવસ પોતાનો ભૂતકાળ કયા દુઃખમાં કેટલો ગયો એનો વિચારેય કર્યો નથી અને અહીં પાંચ પચ્ચીસ વર્ષ, પાંચ પચ્ચીસ લાખ કે પાંચ દશ કરોડની ધૂળની સગવડ મળે, ત્યાં તો પોતાને કાંઈનો કાંઈ માનવા લાગે. એકલા નરકની પ્રતિકૂળતાના દુઃખની વાત નથી, ચારે ગતિમાં દુઃખ જ છે. પુણ્યના ફળમાં સ્વર્ગમાં ગયો તે દુઃખી છે, ત્યાં વિષય–વાસનાને રાગમાં દુઃખને વેદે છે. એથી પુણ્ય ને પાપમાં તું ફેર માને કે પુણ્ય ઠીક છે ને પાપ અઠીક છે તે ઘોર સંસારમાં રખડવાનું મૂળ છે.

અહીં તો કહે છે કે પ્રભુ! તને બીજાઓ માત્ર અનુમાન દ્વારા ઓળખી ન શકે તેથી માત્ર લિંગદ્વારા જ જેનું ગ્રહણ થતું નથી તે અલિંગગ્રહણ છે. આ રીતે આત્મા કેવળ અનુમાનથી જ જણાવાયોગ્ય નથી એવા અર્થની પ્રાપ્તિ અલિંગગ્રહણમાંથી થાય છે. અલિંગગ્રહણમાંથી આવો એક અર્થ નીકળે છે. લિંગદ્વારા–કેવળ અનુમાન દ્વારા બીજાઓ વડે આત્માને જાણી શકાય એવો આત્મા નથી એવું આ ચોથા બોલમાં પ્રતિપાદન કર્યું. હવે અલિંગગ્રહણનો પાંચમો અર્થ કહે છે કેઃ–

**જેને લિંગથી જ પરનું ગ્રહણ થતું નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા અનુમાતામાત્ર (કેવળ અનુમાન કરનારો જ) નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૫)**

આ આત્મા કેવળ અનુમાન કરનારો જ નથી, બીજાને જાણવામાં કેવળ અનુમાનથી જ જાણે એવો એ નથી. પહેલાં બીજા વડે અનુમાનથી જણાવાયોગ્ય નથી એમ હતું; હવે પોતે પણ બીજાને જાણવામાં કેવળ અનુમાનથી પરને જાણે એવો આત્મા નથી એમ કહે છે. આ તો ભગવાન આત્માની વાત ત્રિલોકનાથ કહે છે એ સંતો જાહેર કરે છે. ભાઈ! જેને એટલે કે આત્માને લિંગથી જ–અનુમાનથી જ પરનું ગ્રહણ–જાણવું થતું નથી તે અલિંગગ્રહણ છે. ગ્રહણ એટલે જાણવું એવો અર્થ અહીં સમજવો. શ્રી મોક્ષમાર્ગ પ્રકાશકમાં કહ્યું છે કે વ્યવહારનય ગ્રહવાયોગ્ય છે એમ આવે છે ત્યાં સ્પષ્ટ કર્યું છે કે ગ્રહણનો અર્થ જાણવું સમજવો, ગ્રહવું. પકડવુ એવો તેનો અર્થ નથી. જેને લિંગથી જ પરનું ગ્રહણ

–જાણવું થતું નથી તે અલિંગગ્રહણ છે. આ રીતે ભગવાન આત્મા અનુમાતામાત્ર–પરને જાણવામાં કેવળ અનુમાન કરનારો જ નથી, પરને એકલા અનુમાનથી જાણે એ આત્મા નહીં. આહાહા! આવી વાત સાંભળવી મુશ્કેલ પડે છે, કઠિન લાગે છે, ક્લિષ્ટ લાગે છે. પણ ભાઈ તેં અત્યાર સુધી આ વાત સાંભળ્યા વિના, સમજ્યા વિના અનંત કાળ અનંત દુઃખ સહન કર્યાં છે અને તે દુઃખનું જે વર્ણન કર્યું છે તે તે દુઃખને ટાળવા માટે કર્યું છે. એ દુઃખનું વર્ણન કર્યું છે તે દુઃખથી ડરાવવા માટે નથી, એ દુઃખ આવું હતું તે ટાળવા માટે તું તૈયાર છો, તારી શક્તિ એને ટાળવાની છે એમ સમજાવવાનું આ પ્રયોજન છે. એટલાં એટલાં દુઃખો તેં સહન કર્યા. ભાઈ! તું ભૂલી ગયો. એ દુઃખને સાંભળીને સ્વનો આશ્રય કર–એ એનું પ્રયોજન છે. સ્વના આશ્રય વિના અનુભૂતિ નહિ થાય અને અનુભૂતિ વિના ધર્મની પ્રગટતા–શરૂઆત નહિ થાય. સાધારણ વ્યવહારના રસીલાને તો આ ગાંડપણા જેવું લાગે. અહીં કહે છે કે ભગવાન આત્મા કેવળ અનુમાનથી જાણનારો નથી. અનુમાન છે તે વ્યવહાર છે, અને પ્રત્યક્ષ છે તે નિશ્ચય છે એટલે જેને પ્રત્યક્ષ થયું હોય એવો નિશ્ચયવાળો અનુમાનથી પરને જાણે તે વ્યવહાર થયો, અને પરને જાણવું તે તો વ્યવહાર જ છે.

પરનું જાણવું એમ કહેવું તે તો વ્યવહાર છે, ખરેખર તો પરનું જાણવું એ પોતાનું જાણવું છે; પણ અહીં કહે છે કે આત્મા પરને જાણવા માટે અનુમાતામાત્ર નથી, કેવળ અનુમાન કરનારો જ નથી. અલિંગગ્રહણમાં આવા અર્થની પ્રાપ્તિ થાય છે. સ્વનો આશ્રય લઈને જેને જ્ઞાન થયું તે જ્ઞાની જીવ નિશ્ચય સહિતના અનુમાનથી પરને જાણવાનું કાર્ય કરે છે. કેટલું સમાડી દીધું છે! એક અલિંગગ્રહણ શબ્દમાંથી આવા વીસ અર્થો કાઢયા છે. દિગંબર સંતોની બલિહારી છે, એમણે જેવો હતો તેવો માર્ગ ખુલ્લો મૂક્યો છે, જેવો હતો તેવો જાણ્યો ને હતો તેવો ખુલ્લો મૂક્યો. અહીં કહે છે કે બીજાઓ દ્વારા કેવળ અનુમાનથી તું જણાવાયોગ્ય નથી પણ તું પોતે પણ કેવળ અનુમાનથી પરને જાણવાવાળો નથી. જેને સ્વઆશ્રય જ્ઞાન પ્રત્યક્ષ થયું છે તે બીજાને અનુમાનથી વ્યવહારે જાણે. નિશ્ચયથી પોતાને જાણે, પર્યાયને જાણે એ પણ વ્યવહાર છે. પોતે ત્રિકાળી દ્રવ્યને જાણે એ નિશ્ચય છે, પોતાની

નિર્મળ પર્યાયને જાણે એ વ્યવહાર છે. કેવળજ્ઞાનીને તો કાંઈ શ્રુત નય છે નહિ પણ નીચલી દશાવાળો કેવળજ્ઞાનને જાણે, કેવળજ્ઞાનીને જાણે એ પણ વ્યવહાર છે, પણ એ કેવળજ્ઞાનને જાણે ક્યારે? –કે પ્રત્યક્ષ આત્મા થયો હોય તે અનુમાનથી આ કેવળી છે એમ જાણે. એનો વ્યવહારેય સાચો હોય ને નિશ્ચય પણ સાચો હોય એમ કહે છે.

અરેરે! ક્યાં પડી છે જીવોને! મરીને ક્યાંય ચાલ્યો જશે. કોઈ શરણભૂત નથી. બહારની મોટપના દેખાવ કર્યા હશે તે મરીને ક્યાં જશે? અહીં આ વીસ બોલમાં પહેલાં પાંચ બોલ **નાસ્તિ**ના આવ્યા. પહેલાંમાં લિંગ દ્વારા જેને જાણવું થતું નથી, બીજામાં જેનું લિંગ દ્વારા જ્ઞાન થતું નથી–એમ **નાસ્તિ**થી–આનાથી થતું નથી, આનાથી થતું નથી એમ કથન આવ્યું. ત્રીજામાં **ઇન્દ્રિય**– પ્રત્યક્ષનો વિષય નથી એમ આવ્યું. ચોથામાં બીજાઓ વડે માત્ર લિંગ દ્વારા જ જેનું ગ્રહણ થતું નથી–એમ આવ્યું, અને પાંચમામાં જેને લિંગથી જ પરનું ગ્રહણ થતું નથી એમ આવ્યું. આ રીતે આ પાંચે બોલમાં નથી, નથી એમ **નાસ્તિ**થી કથન આવ્યું છે.

જેને લિંગથી જ પરનું ગ્રહણ થતું નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા અનુમાતામાત્ર–કેવળ અનુમાન કરનારો જ નથી. એનું સ્વરૂપ જેને પ્રત્યક્ષ થાય છે તે અનુમાન કરવાને લાયક છે. જેને સ્વનો આશ્રય થયો છે એને પ્રત્યક્ષ થયું છે એ બીજાને અનુમાન દ્વારા પછી જાણે. આહાહા! આવી વાત બીજે **ક્યાંય** સાંભળવા મળે તેવી નથી. બહારમાં તો બધેય આને સંભાળો, આને સાચવો એમ બહારની ચીજોને સાચવવાની વાતો સાંભળવા મળે તેવી છે અને જીવ પણ તેમાં જ મૂર્છાઈ ગયો–મરી ગયો છે. પણ અહીં કહે છે કે બહારથી નિવૃત્તિ લઈ આ જ કરવા જેવું છે, અંદર ઊતરી જવા જેવું છે કારણકે બહારનું કાંઈ કરી શકતો નથી. અહીં બહારની તો કાંઈ વાત કરી જ નથી અને રાગ રાગમાં જ રહે છે તેમાં આત્માને કાંઈ નથી, એને જાણવા માટે પણ રાગની અપેક્ષા નથી. બીજી રીતે કહીએ તો વ્યવહારરત્નત્રયનો જે રાગ છે તેની આત્માને જાણવા માટે કોઈ અપેક્ષા છે જ નહિ એવો ભગવાન આત્મા નિરપેક્ષ–પરની અપેક્ષા વિના સ્વનો અનુભવ દૃષ્ટિ, જ્ઞાન ને ચારિત્ર કરે એવો એ આત્મા છે. આ સિવાય બીજી રીતે માને તો આત્મા છે એવો એણે માન્યો જ નથી. આ રીતે આ પાંચ બોલ **નાસ્તિ**ના થયા.

(ક્રમશઃ)

# ક્રમબદ્ધપર્યાય

## કેટલાક પ્રશ્નોત્તર

( ગતાંકથી ચાલુ )

( ૭ ) પ્રશ્નઃ– જો આપણે આપણી પર્યાયને પણ નથી બદલી શકતા તો પછી આપણા પરિણમનના કર્તા પણ આપણે ક્યાં રહ્યા ?

ઉત્તરઃ– ‘આપણે આપણી પર્યાયને પણ નથી બદલી શકતા’ –જ્યારે એમ કહેવામાં આવે છે ત્યારે તેનો આશય એ હોય છે કે આપણે તેના નિશ્ચિત ક્રમમાં કોઈ ફેરબદલી નથી કરી શકતા, એ નથી થતો કે તેના પરિણમનના કર્તા પણ આપણે નથી. છઠ્ઠા પ્રશ્નના ઉત્તરમાં જે છ શક્તિઓની ચર્ચા કરવામાં આવી છે તે દ્રવ્યની પોતાની જ શક્તિઓ છે, તેમના કારણે જ પર્યાય સ્વસમયમાં થાય છે. તેથી પોતાની પર્યાયનો કર્તા તો દ્રવ્ય છે જ.

જિનવાણીમાં એક અપેક્ષા એ પણ આવે છે–જેમાં પર્યાયનો કર્તા પર્યાયને કહેવામાં આવે છે, દ્રવ્યને નહિ. ત્રિકાળી ઉપાદાનની અપેક્ષાએ પર્યાયનો કર્તા તે દ્રવ્ય અથવા ગુણ કહેવાય છે જેની તે પર્યાય હોય છે; અને ક્ષણિક ઉપાદાનની અપેક્ષાએ તે સમયની યોગ્યતા જ કાર્યની નિયામક હોવાથી પર્યાયને જ પર્યાયનો કર્તા કહેવામાં આવે છે. આ પર્યાયની સ્વતંત્રતાની ચરમ પરિણતિ છે, જે તેના સહજ ક્રમનિયમિત પરિણમનને સિદ્ધ કરે છે.

પરિણમનશીલતા દ્રવ્યનો સહજ સ્વભાવ છે અને સ્વભાવ સદા પરનિરપેક્ષ હોય છે. તેથી પ્રત્યેક દ્રવ્યને પોતાના પરિણમનમાં પરની રંચમાત્ર પણ અપેક્ષા નથી. કોઈ પણ દ્રવ્ય એક સમય પણ પરિણમનથી ખાલી નથી રહેતું. જોકે એક સમય પણ પરિણમન અટકી જાય તો દ્રવ્યનું દ્રવ્યત્વ જ કાયમ ન રહે. દ્રવણશીલતા–પરિણમનશીલતાનું નામ જ દ્રવ્ય છે.

પરિણમન–સ્વભાવના અભાવમાં સ્વભાવવાન દ્રવ્યની સત્તાના અભાવનો પ્રસંગ પણ ઉપસ્થિત થઈ જશે. જેવી રીતે શરીરમાં જે લોહી દોડે છે, જો તે દોડવાનું બંધ કરી દે તો હૃદયની ગતિ અટકી જવાથી મનુષ્યના મરણનો પ્રશ્ન ઉપસ્થિત થઈ જાય છે; તેવી જ રીતે જો કોઈ દ્રવ્યનું એક સમય માટે પણ પરિણમન અટકી જાય તો તેના મૃત્યુ ( અભાવ )

નો પ્રસંગ ઉપસ્થિત થશે. અને દ્રવ્યના અભાવની સાથોસાથ વિશ્વના અભાવનો પણ પ્રસંગ આવશે, કેમ કે છ દ્રવ્યોના સમૂહનું નામ જ વિશ્વ છે.

જેવી રીતે લોહી નિરંતર દોડે છે, છતાં પણ થાકતું નથી, કેમકે દોડવું એ જ તેનું જીવન છે, નિરંતર ગતિ કરવામાં તેની સુગતિ છે; તેવી જ રીતે દ્રવ્યને નિરંતર પરિણમનમાં કોઈ મુશ્કેલી આવતી નથી, નિરંતર પરિણમન જ તેનું જીવન છે.

તેને માટે એ કોઈ સમસ્યા નથી કે પ્રતિસમય નવી નવી પર્યાયો ક્યાંથી લાવીશું? તે સ્વભાવમાંથી સહજ આવે છે, તેમને ક્યાંયથી લાવવી નથી પડતી; તે પરમુખાપેક્ષી નથી. જો તેમને અન્યની અપેક્ષા હોય તો દ્રવ્ય પરાધીન થઈ જાય અથવા પરિણમન તેઓ સ્વભાવ ન રહે, કેમ કે સ્વભાવને પરની અપેક્ષા નથી હોતી. જેમાં પરની અપેક્ષા હોય તે સ્વભાવ કેવો?

તેથી તો કહ્યું છેઃ–

‘યહ જગત સ્વયં પરિણમનશીલ, કેવલીજ્ઞાનીને ગાયા હૈ,’

અથવા

‘હોતા સ્વયં જગત પરિણામ, મૈં જગકા કરતા કયા કામ’.

(૮) પ્રશ્નઃ– જો આપણે પરનું કાંઈ કરી જ નથી શકતા તો પછી આપણી સ્વતંત્રતા જ શી રહી?

ઉત્તરઃ– શું પરમાં કાંઈ કરવાનું નામ જ સ્વતંત્રતા છે? જ્યારે એમ કહેવામાં આવે છે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ પણ નથી કરી શકતું ત્યારે તેનો અર્થ આપ માત્ર એટલો જ શામાટે લ્યો છો કે આપ બીજાનું કાંઈ નથી કરી શકતા, એમ કેમ નથી લેતા કે આપનું પણ કોઈ કાંઈ નથી કરી શકતું?

જ્યારે આપ એ વિચાર કરશો ત્યારે આપને સ્વતંત્રતાનો અનુભવ થશે કે જુઓ મારું કોઈ પણ કાંઈ નથી બગાડી શકતું.

જ્યારે કોઈ રાજ્યના સંબંધમાં એમ કહેવામાં આવે કે આ રાજ્યમાં કોઈ કોઈને લૂંટી નથી શકતું, મારી નથી શકતું, દુઃખી નથી કરી શકતું; ત્યારે કોઈ એમ નથી કહેતું કે આ કેવું ખોટું (ખરાબ) રાજ્ય છે કે એમાં કોઈ કોઈને લૂંટી નથી શકતું, મારી નથી શકતું,

દુઃખી નથી કરી શકતું; પરંતુ એમ કહે છે કે આ કેટલું સારું રાજ્ય છે.

જેમ એવું તો કોઈ ખૂની કે ચોર જ કહી શકે કે આ કેવું રાજ્ય છે કે એમાં મારવા કે લૂંટવાની પણ સ્વતંત્રતા નથી; તેવી જ રીતે એવું તો કોઈ કર્તૃત્વના અહંકારથી પિડાયેલ અજ્ઞાની જ કહી શકે કે આ કેવું વસ્તુસ્વરૂપ છે કે જેમાં આપણે પરનું કાંઈ કરી જ નથી શકતા.

ક્રમબદ્ધપર્યાયની વાત તો અનંત સ્વતંત્રતાની સૂચક છે. એને બુદ્ધિપૂર્વક હૃદયથી સ્વીકારનારને તો અનંત સ્વતંત્રતાની પ્રતીતિ થાય છે. એ જાણીને કોને પ્રસન્નતા નહિ થાય કે આપણાં સુખ–દુઃખ, જીવન–મરણ, ભલું–બૂરૂં બધું જ આપણા અધિકારમાં છે, તેમાં કોઈનો કાંઈ પણ હસ્તક્ષેપ નથી.

આ જાણીને પણ જેને પ્રસન્નતા ન થાય, તો સમજવું જોઈએ કે કાં તો તે ગુલામવૃત્તિની વ્યક્તિ છે અથવા તો અન્યોને ગુલામ બનાવીને રાખવાની વૃત્તિવાળો છે.

‘ક્રમબદ્ધપર્યાય’ માં વસ્તુની અનંત સ્વતંત્રતાની ઘોષણા છે.

(૯) પ્રશ્નઃ– જ્ઞાની પણ એમ કહેતા જોવામાં આવે છે કે મેં આમ કર્યું, તેમ કર્યું?

ઉત્તરઃ– હા, એ વાત સાચી છે કે જ્ઞાનીના જીવનમાં પણ એવો વચન વ્યવહાર જોવામાં આવે છે, પણ તેમની માન્યતા એવી નથી હોતી. માન્યતા તો તેમની વસ્તુસ્વરૂપને અનુકૂળ જ હોય છે, કેમ કે એમ કહેવું એ તો વ્યવહાર છે અને માનવું તે મિથ્યાત્વ છે.

જેવી રીતે સમ્યગ્દ્રષ્ટિ જ્ઞાની આત્મા સ્ત્રી–પુત્ર, મકાન, મિલ્કત આદિ સંયોગી પદાર્થોને પોતાના કહેતા જોવામાં આવે છે કે આ મારી સ્ત્રી છે, આ મારા પુત્રો છે, આ મારું મકાન છે–પણ માને છે એમ જ કે આ કાંઈ પણ મારું નથી; તેવી જ રીતે પરમાં કરવા આદિનો વચન–વ્યવહાર પણ તેમને જોવામાં આવે છે. કથનમાત્રથી તેઓ મિથ્યાદ્રષ્ટિ નથી થઈ જતા, કેમ કે મિથ્યાત્વ તો માન્યતા સંબંધી દોષ છે.

આ સંદર્ભમાં પંડિતપ્રવર ટોડરમલજીના વિચાર જોવા જેવા છેઃ–

“જેમ કોઈ ગુમાસ્તો શેઠનું કાર્ય કરે છે, તે કાર્યને પોતાનું પણ કહે છે. હર્ષ–વિષાદ પણ પામે છે, તે કાર્યમાં પ્રવર્તતાં પોતાની અને શેઠની

જુદાઈનો વિચાર નથી કરતો, પરંતુ અંતરંગ શ્રદ્ધાન એવું છે કે આ મારું કાર્ય નથી. આવું કાર્ય કરતો ગુમાસ્તો શાહૂકાર છે. જો તે શેઠનું ધન ચોરીને પોતાનું માને તો ગુમાસ્તો ચોર ગણાય. તેવી જ રીતે કર્મોદયજનિત શુભાશુભરૂપ કાર્ય કરતા થકા તદ્રૂપ પરિણમે; તોપણ અંતરંગમાં એવું શ્રદ્ધાન છે કે આ કાર્ય મારું નથી. જો શરીરાશ્રિત વ્રત–સંયમને પણ પોતાના માને તો મિથ્યાદ્રષ્ટિ થાય." ૧

(૧૦) પ્રશ્નઃ– એનો અર્થ તો એ થયો કે જ્ઞાનીની માન્યતા અને કથનમાં અંતર હોય છે?

ઉત્તરઃ– હા, અવશ્ય હોય છે; પરંતુ એનું કારણ જ્ઞાનીના હૃદયની અપવિત્રતા નહિ, પરંતુ વસ્તુની **સ્થિ**તિ છે. કેમ કે જ્ઞાનીની માન્યતા તો વસ્તુસ્વરૂપ અનુસાર હોય છે અને વચન વ્યવહાર લોકપ્રચલિત વ્યવહાર અનુસાર હોય છે.

વસ્તુસ્વરૂપની અપેક્ષાએ વિચાર કરીએ તો સ્ત્રી–પુત્રાદિ, મકાન–મિલ્કત કોઈના નથી, છતાં પણ લોકમાં એમને પોતાના કહેવાનો વ્યવહાર પ્રચલિત છે. માન્યતાનો સંબંધ સીધો વસ્તુસ્વરૂપ સાથે છે અને વાણીનો વ્યવહાર લૌકિકજનો સાથે હોય છે. તેથી જ્ઞાનીની માન્યતા તો વસ્તુસ્વરૂપ અનુસાર હોય છે અને વચનવ્યવહાર લોકવ્યવહાર અનુસાર હોય છે.

આચાર્ય અમૃતચન્દ્ર સમયસારની આત્મખ્યાતિ ટીકાના આરંભમાં લખે છે કે "આ ટીકા કરવાથી મારી પરિણતિ પરમવિશુદ્ધિને પ્રાપ્ત કરો." ૨

અને ટીકાના અંતમાં લખે છે કે "આ ટીકા બનાવવામાં સ્વરૂપ ગુપ્ત અમૃતચન્દ્ર આચાર્યનું કાંઈપણ કર્તૃત્વ (કાર્ય) નથી." ૩

આ જ પ્રકારની ચર્ચા પંડિત ટોડરમલજીએ સમ્યગ્જ્ઞાન–ચન્દ્રિકાની પીઠિકા અને પ્ર**શસ્તિ**માં કરી છે. પીઠિકામાં તો ટીકા લખવાની ચર્ચા

---

૧. રહસ્યપૂર્ણ ચિઠ્ઠી (મોક્ષમાર્ગ પ્રકાશક, પૃષ્ઠ ૩૪૨)

૨. परपरिणतिहेतोर्मोहनाम्नोऽनुभावादविरतमनुभाव्यव्याप्तिकल्माषितायाः।
मम परमविशुद्धिः शुद्धचिन्मात्रमूर्तेर्भवतु समयसारव्यख्यायैवानुभूति।। ३।।

३. स्वशक्तिसंसूचितवस्तुतत्त्वैर्व्याख्या कृतेयं समयस्य शब्दैः।
स्वरूपगुप्तस्य न किंचिदस्ति कर्तव्यमेवामृतचं इसूरः।। २७८।।

કરે છે અને લખવાનું પ્રયોજન આદિ વિસ્તારથી સ્પષ્ટ કરે છે. તથા અંતમાં **પ્રશસ્તિ**માં લખે છેઃ–

વચનાદિક લિખનાદિક ક્રિયા, વર્ણાદિક અરુ **ઇન્દ્રિય** હિયા;
યે સબ હૈં પુદ્ગલકે ખેલ, ઈન મેં નાહિં હમારો મેલ.
રાગાદિક વચનાદિક ઘનાં, ઈનકે કારણ કારિજ પનાં;
તાતૈં ભિન્ન ન દેખ્યો કોય, બિનુ વિવેક જગ અંધા હોય.
જ્ઞાન રાગ તો મેરૌ મિલ્યૌં, લિખનૌં કરનૌં તનુ કો મિલ્યૌ;
કાગજ મસિ અક્ષર આકાર, લિખિયા અર્થ પ્રકાશન હાર.
ઐસો પુસ્તક ભયો મહાન, જાતૈં જાને અર્થ સુજાન;
યદ્યપિ યહુ પુદ્ગલ કૌ ખંદ, હ તથાપિ શ્રુતજ્ઞાન નિબંધ.[1]

આચાર્ય અમૃતચન્દ્ર અને પંડિત ટોડરમલજી–બન્નેય જ્ઞાની આત્મા હતા, તેમના ઉક્ત કથનોથી એ સ્પષ્ટ થઈ જાય છે કે આમાં કોઈ છળ નથી. જ્યાં સુધી વચન–વ્યવહાર છે, ત્યાં સુધી માન્યતા અને વાણીનું આ અંતર રહેશે જ.

ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ ભરતાદિ ચક્રવર્તી પણ છ ખંડની વિભૂતિને પોતાની કહેતા જ હતા, પણ માનતા નહોતા. આ ચોથા, પાંચમા અને છઠા ગુણસ્થાનની ભૂમિકામાં પ્રાપ્ત થતું પર્યાયગત સત્ય છે–એને જાણવું પણ આવશ્યક છે. આ સત્યના સ્વીકાર વિના આ જાતની શંકા બની જ રહેશે.

( ૧૧ ) પ્રશ્નઃ– જો સુખ દુઃખ, જીવન–મરણ બધું નિયત છે, સ્વકાળમાં જ થાય છે, તો પછી અકાળમૃત્યુ નામની તો કોઈ ચીજ જ ન રહી; જ્યારે શાસ્ત્રોમાં તો અકાળમૃત્યુની ચર્ચા આવે છે, તત્ત્વાર્થસૂત્રના બીજા અધ્યાયના અંતિમ સૂત્રમાં અકાળમૃત્યુની વાત સાફ–સાફ લખી છે ?

ઉત્તરઃ– વિષભક્ષણાદિ દ્વારા થનાર મૃત્યુને અકાળમૃત્યુ કહેવામાં આવે છે. આ કથન આયુષ્યની ઉદ્દીરણા કે અપકર્ષણની અપેક્ષાએ કહેવામાં આવે છે; અથવા અપેક્ષિત આયુષ્ય પહેલાં થનાર મરણની અપેક્ષાએ આ કથન થાય છે, વસ્તુ**સ્થિ**તિની અપેક્ષાએ નહિ; કારણકે કેવળી ભગવાનના જ્ઞાનમાં તો જે કાળે તેનું મરણ થવાનું જણાવ્યું હતું, તે જ

૧. મોક્ષમાર્ગ પ્રકાશક, પ્રસ્તાવના, પૃષ્ઠ ૨૧

કાળે થયું છે; તેથી તે પણ સ્વકાળમરણ જ છે, અકાળમરણ નથી.

તત્ત્વાર્થસૂત્રમાં પણ આયુષ્યકર્મની **સ્થિ**તિના અપકર્ષણની વાત જ કહેવામાં આવી છે. તત્ત્વાર્થસૂત્રના જે સૂત્રમાં ઉક્ત ચર્ચા છે, તે આ રીતે છેઃ–

"औपपादिकचरमोत्तमदेहाऽसंख्येयवर्षायुषेऽनपवर्त्यायुषः।। १

ઉપપાદ જન્મવાળા દેવ અને નારકી, ચરમોત્તમ દેહવાળા અર્થાત્ તે જ ભવે મોક્ષ જનાર અને અસંખ્યાત્ વર્ષના આયુષ્યવાળા ભોગભૂમિયાઓનું આયુષ્ય અપવર્તન રહિત હોય છે, અર્થાત્ તેમના આયુષ્યનું તે જ ભવમાં અપકર્ષણ થતું નથી.

આયુષ્ય બે પ્રકારના હોય છે– (૧) ભુજયમાન આયુષ્ય અને (૨) બધ્યમાન આયુષ્ય.

જે આયુષ્ય જીવ વર્તમાનમાં ભોગવી રહ્યો છે, તેને ભુજ્યમાન આયુષ્ય કહે છે અને જે આયુષ્ય બંધાઈ તો ગયું છે, પણ જેનો ઉપભોગ આગલા (પછીના) ભવમાં થશે, તેને બધ્યમાન આયુષ્ય કહે છે.

બધ્યમાન આયુષ્યની **સ્થિ**તિમાં તો બધાયને અપકર્ષણ થઈ શકે છે, પણ ભુજ્યમાન આયુષ્યનું અપકર્ષણ ઉક્ત સૂત્રમાં કથિત જીવોને થતું નથી એ બતાવવાનો ઉક્ત સૂત્રનો ઉદ્દેશ્ય છે.

રાજા શ્રેણિકે તેત્રીસ સાગરના નરકાયુની **સ્થિ**તિ બાંધી હતી અને તેનું અપકર્ષણ થઈને ૮૪ હજાર વર્ષની રહી ગઈ, પણ એ પૂર્વભવમાં જ થયું; નરકાયુનો ઉપભોગ શરૂ થયા પછી તેનું અપકર્ષણ સંભવિત નથી. જ્યારે ઉક્ત સૂત્રમાં કથિત જીવો સિવાય અન્ય જીવોના આયુષ્યનું અપકર્ષણ તે જ ભવમાં પણ થઈ જાય છે.

આ આખીયે ચર્ચા આયુષ્યના અપકર્ષણની છે, એનાથી ક્રમબદ્ધપર્યાયની નિશ્ચિતતામાં કોઈ ફેર પડતો નથી.

જેમ કે જ્યારે આપણે કોઈ દુકાનદારની પાસેથી ખરીદેલો સામાન પસંદ ન આવતાં પાછો આપવા જઈએ છીએ, ત્યારે તે પેક (બંધ) સામાન તો બધો પાછો લઈ લે છે, પણ બંધન છોડી નાખેલા સામાનમાંથી

---

૧. અધ્યાય ૨, સૂત્ર ૫૩

કેટલોક તો પાછો લે છે અને કેટલોક પાછો નથી લેતો; તેવી જ રીતે જે આયુષ્યનો ઉપભોગ શરૂ નથી થયો, તેમાં તો બધામાં અપકર્ષણ સંભવ છે, પણ ઉપભોગ શરૂ થઈ ગયા પછી ઉક્ત સૂત્રમાં કથિત આયુષ્યનું અપકર્ષણ શક્ય નથી, એ જ વાત ઉક્ત સૂત્રમાં બતાવવામાં આવી છે. તેનાથી કાળની નિયમિતતામાં કોઈ ફરક પડતો નથી અને ન તો અન્ય સમવાયોની ઉપેક્ષાય થાય છે, કેમ કે આયુષ્યનું અપકર્ષણ પણ અન્ય સમવાયોની અપેક્ષાસહિત થાય છે.

વાસ્તવમાં આ કથન અકાળમૃત્યુનું નથી, આયુષ્યના અપકર્ષણનું છે.

આ સંદર્ભમાં જૈનેન્દ્રસિદ્ધાન્તકોશકાર શ્રી જિનેન્દ્રવર્ણીનું (શાંતિપથદર્શન, પૃષ્ઠ ૧૨૩) નીચે લખેલું કથન જોવા જેવું છેઃ–

“પાંચમો પ્રશ્ન છે અકાળમૃત્યુ સંબંધી સમય પહેલાં વિષભક્ષણ આદિથી થનાર મૃત્યુને ‘અકાળમૃત્યુ’ કહે છે. કર્મસિદ્ધાન્ત અંતર્ગત પૂર્વબદ્ધ કર્મોની **સ્થિ**તિ આદિના ઘટવા–વધવાને ‘અપકર્ષણ’ અને ‘ઉત્કર્ષણ’ કહે છે અને પ્રકૃતિના બદલી જવાને ‘સંક્રમણ’ કહે છે. સમય પહેલાં કર્મને ઉદયમાં લાવવા તેને ‘ઉદ્દીરણા’ કહે છે અને સમય પહેલાં તેમને ખેરવી નાખવા તે ‘નિર્જરા’ કહેવાય છે.

આગમકથિત આ બધા વિષય નિયતિના બાધક છે, એવી આશંકા પણ કરવા યોગ્ય નથી, કેમ કે તેનો ઉત્તર તો તે જ ઉપરોક્ત વિકલ્પ છે, જેના આવવાથી તદનુરૂપ જ પ્રવૃત્તિ સ્વતઃ થાય છે. તીવ્ર ક્રોધ આવતાં જ વિષભક્ષણ આદિનું કાર્ય થાય છે, તેના અભાવમાં નહિ. એ જ રીતે અપકર્ષણ, ઉદ્દીરણા અને નિર્જરા આદિના સંબંધમાં પણ જાણવું. કેમ કે અકાળમૃત્યુનો અર્થ આયુષ્યકર્મની ઉદ્દીરણા સિવાય બીજો કાંઈ નથી.

અકાળ તો કેવળ એટલા જ માટે કહેવાય છે કે જેટલું આયુષ્ય બંધાયું હતું એટલી **સ્થિ**તિ પૂરી ન કરી. વાસ્તવમાં કોઈ પણ કર્મ એવું નથી જેની **સ્થિ**તિ બંધ અનુસાર જ ઉદયમાં આવતી હોય. બુદ્ધિ રહિત સૂક્ષ્મ પ્રાણીઓમાં પણ આ ઉત્કર્ષણ આદિ બરાબર થઈ રહ્યા છે. જેવો જેવો વિકલ્પ તે–તે વખતે આવે છે, તેવી–તેવી પ્રવૃત્તિ જ તે–તે સમયે થાય છે, તેના ફળસ્વરૂપે તેવા–તેવા જ નવીન બંધ અને ઉત્કર્ષણ આદિ

થાય છે. ઉત્કર્ષણ આદિના પરિણામ કોઈ બીજા હોય અને બંધના કોઈ બીજા –એવું નથી. એક સમયના જે એક પરિણામ કે પ્રવૃત્તિથી બંધ થાય છે, તેનાથી જ તે જ સમયે યથાયોગ્ય ઉત્કર્ષણ, અપકર્ષણ આદિ પણ થાય છે; તેથી એનાથી નિયતિ બાધા પામતી નથી.” (ક્રમશઃ)

* * *

# જાહેરાત

## જૈન વિદ્યાર્થીઓ માટે અભ્યાસની સુંદર સગવડ

### શ્રી જૈન વિદ્યાર્થીગૃહ-મુ. પો. સોનગઢ

### જીલ્લો-ભાવનગર (ગુજરાત)

ઉપરોક્ત બોર્ડિંગ છેલ્લા ૨૭ વર્ષથી ચલાવવામાં આવે છે. આ બોર્ડિંગમાં ધોરણ–૫ થી ધોરણ–૧૨ (હાયર સેકન્ડરીના બીજા વર્ષ) સુધીમાં અભ્યાસ કરતા ત્રણે ફીરકાના જૈન વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવે છે.

અહીં વિદ્યાર્થીઓને હાઈસ્કૂલના શિક્ષણ ઉપરાંત શ્રી દિગંબર જૈન ધર્મનો ધાર્મિક અભ્યાસ કરાવવામાં આવે છે. વળી પરમોપકારી પૂજ્ય “કાનજી સ્વામી” જેવા અદ્વિતીય સંતના સત્સમાગમનો તથા તેઓશ્રીના અપૂર્વ તત્ત્વપૂર્ણ વ્યાખ્યાન શ્રવણનો પણ અપૂર્વ લાભ મળે છે. આમ અહીં વિદ્યાર્થીઓને સંસ્કારી અને ધર્મમય જીવન બનાવવાની તક સાંપડે છે. સંસ્થામાં ખોરાક સારો સાત્વીક આપવામાં આવે છે.

પૂરી ફીનું ભોજનનું માસિક લવાજમ ફકત રૂા. ૬૦) અને ગરીબ વિદ્યાર્થીઓ પાસેથી ઓછી ફીનું માસિક લવાજમ ફકત રૂા. ૩૫) લેવામાં આવે છે.

દાખલ થવા ઈચ્છનાર વિદ્યાર્થીઓએ રૂા. ૧ની પોસ્ટની ટીકીટો બીડી તા. ૫–૫–૮૦ સુધી પ્રવેશપત્રો તથા નિયમો મંગાવી તે વિગતવાર ભરી તા. ૨૦–૫–૮૦ સુધીમાં વાર્ષિક પરીક્ષાના પરિણામ–માર્કસશીટ સાથે પરત બીડવાં.

નાપાસ થએલ વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવતા નથી.

લિ. મંત્રી,

શ્રી જૈન વિદ્યાર્થીગૃહ, સોનગઢ.

( તું સ્વભાવપણે પરિણમવાને... પાનું ૧૮ થી ચાલુ )

**છે કર્મતરુમૂલછેદનું સામર્થ્ય જે પરિણામમાં,**
**સ્વાધીન ત સમભાવ-નિજ પરિણામ આલુંછન કહ્યા. ૧૧૦**

## ∗ નિત્યનિગોદના જીવને પણ સ્વભાવપણે પરિણમવાની તાકાત છે. ∗

આ આત્માનો જે પંચમ પરમભાવ છે તે, નિત્યનિગોદના જીવને પણ શુદ્ધ નિશ્ચયથી તે પરમભાવ છે. અભવી જીવને વસ્તુ છે પણ આશ્રય નથી તેથી તેને લાયક નથી, પરંતુ નિગોદના જીવમાં એમ નથી, નિગોદનો જીવ તેને લાયક છે. આત્માનું જે સત્ત્વ છે તે નિત્યનિગોદના જીવોને પણ શુદ્ધ જ છે. પ્રગટ થયું છે એને તો ઠીક પણ નિત્યનિગોદના જીવને પણ અભવ્યત્વપારિણામિક નામ નથી. તે શુદ્ધ જ છે. નિત્યનિગોદના જીવમાં પણ એવી શક્તિ છે કે તે અભવ્યની જેમ પરિણમી શકતા નથી એમ નથી.

નિત્યનિગોદના જીવને પણ અંતરમાં સ્વભાવપણે પરિણમવાની તાકાત છે. ભલે એ ટાણે (–નિગોદમાં) ન કરી શકે પણ એનામાં તાકાત છે કે નિગોદમાંથી નીકળીને માણસ થઈને પરમપારિણામિક સ્વભાવનો અનુભવ કરી અંતર્મૂહુર્તમાં મુક્તિને પામે. અભવ્યજીવને શુદ્ધપણે વસ્તુ તો છે પણ તેને જેવું પૂરણસ્વરૂપ છે તેવું પરિણમવાને તે લાયક નથી, તેવું નિત્યનિગોદના જીવને નથી. ભલે તે અત્યાર સુધી ત્રસ થયો નથી પણ એ જીવમાં એવી તાકાત છે કે વસ્તુ તો શુદ્ધ છે પણ તે–પણે પરિણમી શકે એવી લાયકાતવાળો છે.

નિત્યનિગોદમાં હોય, ત્રસપણું પામ્યા પણ ન હોય પણ એની વસ્તુ શુદ્ધ આનંદકંદ છે ને તે રૂપે પરિણમવાને તે યોગ્ય છે. ત્યાંથી નીકળીને એકાદ ભવ કરીને મનુષ્ય થાય. આઠ વર્ષે શુદ્ધસ્વરૂપનું પરિણમન કરીને મુક્તિ પણ પામે–એવી નિત્યનિગોદના જીવમાં તાકાત છે. નિગોદનો અનાદિશાંત ભાવ કરીને સિદ્ધનો સાદિ–અનંતભાવ પ્રગટ કરી શકે છે.

અહીં તો નિગોદના જીવની આવી તાકાત છે એટલી વાત કરી પણ એ વાત બેસે કોને? –કે જેને એ ચૈતન્યમૂર્તિ ભગવાનની દ્રષ્ટિ થઈ, તેના સત્‌ના સત્ત્વને અનુભવમાં લીધો તે જીવને જેમ શુદ્ધસ્વરૂપે પરિણમવાની તાકાત છે તેમ નિગોદના જીવને પણ શુદ્ધસ્વરૂપે પરિણમવાની તાકાત છે એમ બેસે.

## ∗ પંચમઆરાના સંતોનો પોકારઃ વિશ્વાસ કર, નિઃસંદેહ થા ∗

આ પંચમઆરાના મુનિ પંચમઆરાના જીવને સંબોધે છે. આવડી મોટી વાત પંચમઆરામાં કહેવાય કે નહીં? –અરે! કહેવાય કે નહીં શું પણ કરી

શકે છે. નિત્યનિગોદનો જીવ પણ નિગોદમાંથી નીકળી આઠ વર્ષે સમ્યગ્દર્શન પામી અંતર્મુહૂર્તમાં સર્વજ્ઞ થઈ શકે છે, માટે ભરોસો જોઈએ. વિશ્વાસે વહાણ ચાલે છે. વિશ્વાસ, રુચિ, દ્રષ્ટિ ને પરિણમનમાં એમ બેસવું જોઈએ કે આ તો પ્રભુ શુદ્ધ તત્ત્વ છે, પૂર્ણાનંદ છે, તેમાં વિકાર તો નથી, પણ અપૂર્ણતા પણ નથી.

નિત્યનિગોદના જીવની એવી તાકાત છે તો પછી તું બહાર નીકળ્યો છો ને અહીં આવ્યો છો ને! એમ કહે છે. તું અહીં સુધી આવ્યો 'સબ અવસર આ ગયા હૈ' મનુષ્યપણું પામ્યો, જૈન વાણી પંચમ પરમભાવની કાને પડી છે માટે જ્ઞાયકભાવનો આશ્રય કરવાને તું લાયક છો, પંચમ આરો તને નડતો નથી –એમ કહે છે.

## તું સાંભળવા સુધી આવ્યો છો તો તું પણ સ્વભાવપણે પરિણમવાને લાયક જ છો

જેમ મેરુપર્વતની નીચે અનાદિથી એકલું સોનું ભરેલું છે, એ સુવર્ણરાશિને પણ સુવર્ણપણું છે તેમ અભવીને પણ પરમસ્વભાવપણું છે તે વસ્તુનિષ્ઠ છે–તે વસ્તુમાં રહેલી જ તેની યોગ્યતા છે પણ વ્યવહાર યોગ્ય નથી, જેમ મેરુપર્વતનું સોનું બહાર લાવીને વેપારના ઉપયોગમાં કામ આવે એમ નથી તેમ.

અભવ્યજીવની જેવો તું નથી એમ શ્રોતાને કહે છે. તું પરિણમી શકે છો, અભવ્યના જીવ જેવો તું નથી. તું અહીં આવ્યો, સાંભળવા આવ્યો, સાંભળે છો અને અમે તને કહીયે છીએ કે ભલે તું અપ્રતિબુદ્ધ હો પણ છો તો ભગવાન અને ભગવાનપણે પરિણમવાને લાયક જ છો. અભવીને ભગવાનપણું છે પણ તે–પણે પરિણમવાને લાયક નથી. જેથી હું તને એમ કહું છું કે નિત્યનિગોદના જીવ પણ અભવી જીવ જેવા નથી તો પ્રભુ તું તો અહીં આવ્યો, અહીં સુધી સાંભળ્યું, વીતરાગની વાણી કાને પડી તો કહે છે કે તારો આત્મા શુદ્ધપણે પરિણમવાને લાયક છે, પરમાત્મપણે થવાને લાયક છે.

પરમાત્મપણું છે ને એવું જ પ્રતીતમાં આવે એવો તું છો. પંચમઆરાના સાધુ છે ને પંચમઆરાના શ્રોતાને સંભળાવે છે કે તું અહીં સુધી આવ્યો તો સાંભળ! મુંઝાઈશ નહીં, અભવી જેમ ન પરિણમી શકે તેમ તું ન પરિણમી શકે એમ છે નહીં. મુનિરાજ એમ કહે છે. ભગવાનની વાણીને અનુસરીને પોતે પરિણમ્યા છે ને તેને અનુસરીને તું પણ પરિણમીશ–એવો જ તું છો આહાહા! પંચમઆરો ને ઓછા પુણ્ય એ વાતને લક્ષમાં લઈશ નહિ.

## કાળની વાટ કે રાહ જોવાની નથી, પરમાત્મપણે પરિણમવાને તું લાયક જ છો

પૂર્ણાંનંદનો નાથ પ્રભુ **અતીન્દ્રિય** આનંદપણે પરિણમી શકે એવો તું છો. ૩૮મી ગાથામાં એમ કહ્યું કે અપ્રતિબુદ્ધને સમજાવતાં દર્શનજ્ઞાન **પ્રાપ્ત** થયો ને એ **પ્રાપ્તિ** એવી કે ફરી ન પડે તેવી. ફરીથી મિથ્યાત્વ ઉત્પન્ન થવાનું છે જ નહીં. પંચમ આરાના પ્રાણીનો પોકાર છે. કહેનારનો તો પોકાર છે પણ તેને સાંભળ્યું તેનો આ પોકાર છે. આહાહા! કહેનાર તો કહે છે પણ તું તેવો થઈ શકે તેવો છો! કાળની રાહ ને વાટ જોવાની નથી. આવો ભગવાન પૂર્ણાનંદનો નાથ તને કાને પડયો, એ થવાને લાયક જ તું છો, અભવી જેવો તું નથી. અરે! નિત્યનિગોદના જીવો અભવી જેવા નથી, નિધાન પડયું જ છે ને તે–પણે પરિણમવાને તું લાયક જ છો.

દિગંબર સંતોનો આ પોકાર છે કે તું પરિણમવાને લાયક છો એમ કહીયે છીએ. પ્રભુ! તમે સર્વજ્ઞ નથી ને આવો પોકાર કરો છો! –કે હા, તું લાયક છે! પરિણમવાને લાયક છે, પરિણમી શકે છો.

### * ઓછપનો આશ્રય છોડ, પૂરણ છો ને પૂર્ણપણે પરિણમી જઈશ *

મુનિરાજ એમ કહે છે કે તું અલ્પકાળમાં મોક્ષ પામીશ, પરિણમી જઈશ –એવો તું છો, અભવી જેવો તું નથી. નિત્યનિગોદના જીવને માટે પણ એમ કહ્યું તો સાંભળનારને તો મનુષ્યપણું છે. ઓછપનો આશ્રય ન કર, અલ્પજ્ઞ રહીશ એમ ન માન, પૂરણ થઈ જઈશ એમ માન. પૂરણ છે ને પૂરણપણે પરિણમી શકે એવો તું છો. તને કહીયે છીએ કે તું પૂરણ છો ને પૂરણ થઈ શકવાને યોગ્ય છો.

મુનિઓના હૃદયનો આ પોકાર છે. પોતે પામ્યા એટલે કહે છે કે તું પામીશ જ, પામવાને લાયક જ છો, અભવીની જેવો તું નથી. નિત્યગોદના જીવ પણ અભવી જેવા નથી તો તું તો અહીં પંચેન્દ્રિપણે જિનવાણી સાંભળવા આવ્યો છો માટે અલ્પકાળમાં તું પરિણમીશ. જેવી પ્રભુતા પડી છે એવી પ્રભુતા અલ્પકાળમાં પર્યાયમાં પરિણમી જશે એવો લાયક તું છો. વિશ્વાસ લાવ! એનો વિશ્વાસ કર. ચૈતન્યના આવા વિશ્વાસે પરિણતિ પૂરણ થઈ જશે.

### સંતોનો પોકારઃ તું પરમાત્મપણે પરિણમવાને લાયક જ છો -એમ નિઃસંદેહ થા.

નિત્યનિગોદના જીવ અભવી જેવા નથી તો પ્રભુ! તું તો માણસ છો અને પરમાત્માની વાણી સાંભળવાને આવ્યો ને સાંભળે છો તો પરિણમવાને લાયક જ

છો, સંદેહ ન કર. આવી વાત મુનિ પોતે કહે છે. નિત્યનિગોદમાં પણ એવા જીવો છે કે ત્યાંથી નીકળીને કેવળજ્ઞાનપણે પરિણમી જશે, તો તું તો નીકળીને બહાર આવ્યો છો, પરમાત્માની વાણી કાને પડે છે ને એ આ વાણી છે (હર્ષાનંદ સાથે તાલીઓના ગડગડાટ). વિશ્વાસ લાવ, સંદેહ છોડ, નિઃસંદેહ થા. અમે તને કહીએ છીએ પછી તું નિઃસંદેહ કેમ થતો નથી?

પ્રભુ! તું પામર તરીકે માન્યતા છોડી દેજે. કોઈ કહે કે અમે ભવિ છીએ કે અભવિ એ અમને શી ખબર પડે! કાળલબ્ધિ પાકી છે કે નથી પાકી એ તો સર્વજ્ઞને ખબર પડે. તો અહીં કહે છે કે કાળલબ્ધિ તને પાકી છે એમ અમે તને કહીયે છીએ (હર્ષાનંદ સાથે તાલીઓના ગડગડાટ).

**ભલે કોઈ રાગાદિ હોય પણ એ તને નડતર નથી, તું તો પૂર્ણ પ્રભુ છો.**

મુનિરાજનો પોકાર છે કે નિત્યનિગોદમાં પણ એવા જીવો છે કે તે અભવી જીવ જેવા નથી; તો તું આડ રહેવા દે, તું પૂરણ પ્રભુ છો, ભલે કોઈ રાગાદિ હોય પણ એ તને નડતર નથી. એ તો જ્ઞાનના જ્ઞેય તરીકે વિષય છે. સર્વવિશુદ્ધજ્ઞાન–અધિકારમાં આવે છે કે દીવો ઘટપટને પ્રકાશે છે એમ નહીં, દીવો દીવાના પ્રકાશની દ્વિરૂપતાને પ્રકાશે છે, એમ ભગવાન આત્મા પરને જાણવામાં પરને પ્રકાશે છે એમ નહીં, સ્વને પરને પ્રકાશવાની જ્ઞાનની દ્વિરૂપતાને પ્રકાશે છે, લોકાલોકને નહીં પણ જ્ઞાનની દ્વિરૂપતાને પ્રકાશે છે.

અંદર ભગવાન ભરેલો છે, ભરેલાને જો, ભરેલો પૂરણ છે ને પૂરણ થવાને લાયક છે–એમ તને કહીયે છીએ. તું સંદેહ ન કર. મુનિરાજ તો એને કહે છે પણ બેસાડવાનું પોતાને છે ને! નહીં પરિણમવાને લાયક જીવની વાત તું ભૂલી જા, તું એ છો નહીં, તું તો પૂરણપણે પરિણમવાને લાયક જ છો એમ વિશ્વાસ કર.

**સદા નિરંજનપણે પ્રતિભાસ્યો તેને પરમભાવ સફળ થયો**

અતિ આસન્ન ભવ્ય જીવને એટલે કે જેમાં અજંપાનો જાપ નથી ચાલતો પણ જંપાજાપ થઈ ગયો છે, મુક્તિનો જાપ થઈ ગયો છે એવા આસન્ન ભવ્ય જીવને આ પરમભાવ–ત્રિકાળી પરમ સ્વભાવ તત્ત્વ સદા નિરંજનપણાને લીધે, જેને અંજન–મેલ છે જ નહીં એવા નિરંજનપણાને લીધે એટલે કે સદા નિરંજનપણે પ્રતિભાસ્યો હોવાને લીધે સફળ થયો છે આ પરમભાવ સદા નિરંજનપણાને લીધે એટલે કે જેમાં અંજન નથી, રાગની ગંધ નથી, ઉદયને સ્પર્શ્યો નથી એવો જે પરમ પરમાત્મા પડયો છે તે પરમાત્મા થવાને લાયક છે, થવાને લાયક નથી એ વાત સાંભળવા જેવી નથી.

અતિ આસન્ન ભવ્ય જીવોને આ પરમભાવ સદા નિરંજનપણાને લીધે એટલે કે છે તેવો ભાસ્યો હોવાને લીધે સફળ થયો છે. જ્ઞાનમાં આ છે એવું એટલે કે

જ્ઞાનમાં 'આ સદા નિરંજનપણે છે' –એમ ભાસ્યું હોવાને લીધે સફળપણું થયું છે. અતિ આસન્ન ભવ્ય જીવને નિરંજનપણે પ્રતિભાસ્યો હોવાને લીધે આ પરમભાવ સફળ થયો છે. જ્ઞાનમાં ભાસ્યા વિના આ પરમભાવ છે–એમ **ક્યાંથી** આવ્યું? પણ જ્ઞાનમાં પરમભાવ છે એવો ભાસ્યો છે ત્યારે તેને સદા નિરંજનપણે છે. જ્ઞાનમાં નિરંજનપણે પ્રતિભાસ્યો હોવાને લીધે પરમભાવ સફળ થયો છે. સદા નિરંજનપણે તો છે પણ જ્ઞાનમાં પ્રતિભાસ્યા વિના સફળપણું **ક્યાંથી** આવ્યું? જ્ઞાનમાં સદા નિરંજનપણે પ્રતિભાસ્યો છે ત્યારે તે આસન્ન ભવ્યોને નિરંજનભાવ સફળ થયો છે. છે તેવી પ્રતીતિ ને જ્ઞાનમાં પ્રતિભાસ્યો છે માટે સફળ થયો છે. જેવો છે તેવો પ્રતિભાસ્યો છે તેને તે સફળ થયો છે. જેને જ્ઞાનમાં પ્રતિભાસ્યો નથી તેને સફળપણું આવ્યું નથી પણ જેના જ્ઞાનમાં જેવું પૂરણ સ્વરૂપ છે એવું ભાસ્યું છે એનું ફળ આવ્યું છે માટે તેને તે સફળ છે.

( ભક્તિ–પુષ્પો પાનું ૧૭નું ચાલું )

**ઔર યહ નિવેદન કરતા હૂઁ કી જો માર્ગ–જો રાસ્તા અહિંસા ઔર શાંતિકા, ચારિત્રકા, નૈતિકતાકા આપ દિખાતે હૈ ઉસ પર યદિ હમ ચલેંગે તો ઉસમેં હમારા ભી ભલા હોગા, સમાજકા ભી હોગા વર દેશકા ભી હોગા!** –વડાપ્રધાન શ્રી લાલબહાદુર શાસ્ત્રી

**૪૪ વર્ષ પહેલાં ભાખેલું સફળ ભવિષ્યઃ–**

**( ૯૧ ) સોનગઢ એટલું બધું વધી જશે કે જગ્યા મળવી મુશ્કેલ પડશે તથા ધર્મપ્રભાવનાના એવા પ્રસંગો બનશે કે જે જીવતા હશે તે જોશે!** –શ્રી ખુશાલભાઈ ( –પૂજ્ય ગુરુદેવના મોટાભાઈ )

( વિવિધ પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રી માટે વ્યક્ત કરાયેલાં અભિનંદન–ઉદ્ગારોમાંથી )

( નાઈરોબીના વકીલનો પત્ર પાનુ... ૪૦ થી ચાલુ )

પ.પૂ. ગુરુદેવ! આપની દિવ્ય વાણી સાંભળવા તથા બહેનશ્રીનાં દર્શન કરવા જરૂર સોનગઢ આવવું છે. ભાવના ભાવી છે તો જરૂર આ લાભ મળશે જ. આ વખતનો આપશ્રીનો વિહાર ઘણો લાંબો છે. પૂજ્ય કહાનગુરુદેવથી તો **મુક્તિ**નો માર્ગ મળ્યો છે. આપે ચારે બાજુથી **મુક્તિ**નો માર્ગ પ્રકાશ્યો છે. આપશ્રીનો અપાર ઉપકાર છે તે કેમ ભુલાય?

એજ લિ.

કાન્તિભાઈ શાહ ( વકીલ જામનગરવાળા ) ના

જયજિનેન્દ્ર

# નાઈરોબીના વકીલનો પત્ર

**11-3-80**
**NAIROBI**

**પરમ પૂજ્ય ગુરુદેવ,**

આપે તા. ૨૮-૧-૧૯૮૦ ના મંગળ પ્રભાતે અહીંથી વિદાય લઈ, મુંબઈનગરી તરફ વિહાર કર્યો. આપની પ્રતિમા હૃદયમાં વસી ગઈ છે અને યાદ દિનપ્રતિદિન તીવ્ર બનતી જાય છે. આ અનાર્ય દેશમાં અધર્મી જીવોને આપે "ભગવાન" કહી સંબોધ્યા અને "આત્મા સો પરમાત્મા" નો સરળ અને નિર્મળ મંત્ર ઘોળી ઘોળીને પીરસ્યો. આત્માનાં ઊંડાણ ઉલેચવાનો પુરુષાર્થ જાતે જ કરવાનો છે, પણ અનુભવે બતાવ્યું કે દેવગુરુના સાથ અને સંગાથે પુરુષાર્થને બેવડો કર્યો છે.

આપશ્રીના આશીર્વાદ સાથે "બહેનશ્રીનાં વચનામૃત" વાંચવાની શરૂઆત કરી. શબ્દો, વાક્યો દિલને રુચ્યા ત્યાં લાલ લીટી (Underline) કરી. એક વખત વાંચન **પૂરું** કર્યું. લગની લાગી; અને બીજી વખત ત્રીજી વખત વાંચન **પૂરું** કર્યું. જોયું તો એકે એક વાક્યે, એક એક શબ્દે લાલ લીટી (Underline) થઈ ગઈ છે. એક એક શબ્દે અમૃતનાં કુંજ ભર્યાં છે. ખરેખર અમૃતનો સાગર છે. અમૃતનું એક ટીપું પણ કેમ છોડાય? એક એક શબ્દમાંથી અનેક અર્થ નીકળે છે અને આત્માના ઊંડાણમાંથી જવાબ મળે છે. આનંદની છોળો ઊડે છે, હૃદયને આનંદથી ભરી દે છે. આનંદનો સાગર ઊછળે છે અને તેની લહેરો છેક આંખમાંથી અશ્રુના ધોધરૂપે વહે છે. એવી દશા પ્રગટી છે કે અશ્રુ ખાળવા શક્તિ રહી નથી.

આ પુસ્તકમાં તો ચૈતન્ય આનંદ સાગર ઉછાળવાની ચાવી છે. આ મહાન પુસ્તક આ પંચમ કાળે પ્રગટ કરી બહેનશ્રીએ મુમુક્ષુઓને મોક્ષનો માર્ગ સ્પષ્ટ કર્યો છે. બહેનશ્રીને મારાં કોટી કોટી વંદન. બહેનશ્રી પ્રત્યે ઋણ વ્યક્ત કરવા મારી પાસે શબ્દો નથી. પુસ્તકનું વાંચન કરતાં ઘડીએ ઘડીએ આત્માની અંદરમાં પ્રવેશી જવાય છે. આવો આ પુસ્તકનો મહિમા છે.

વકીલાત બહુ કરી, ઘણાં મોટાં મોટાં પુસ્તકો વાંચ્યાં, પરંતુ "બહેનશ્રીનાં વચનામૃત" ની તોલે આવે તેવું પુસ્તક જાણવામાં નથી આવ્યું; ત્યાં વાંચવાની તો વાત જ ક્યાં રહી? "ન ભૂતો ન ભવિષ્યતિ" એવું આ પુસ્તક છે. સ્કૂલોમાં, કોલેજોમાં તથા યુનિવર્સિટીમાં પારકાની વકીલાત કરતાં શીખવ્યું, પરંતુ આજ સુધી ક્યાંય જાતની-આત્માની વકીલાતની વાત સુધ્ધાં જાણવા મળી નથી. આ પહેલું પુસ્તક છે જેમાં જાતની-આત્માની વકીલાતની વાત જાણવા મળી; "છે", "છે" અને "છે" એ ત્રિકાળી સત્ય જાણવા મળ્યું.

( અનુસંધાન પાનું ૩૯ ઉપર )

( જ્ઞાનગોષ્ઠી... પાનુ ૪૩ થી ચાલુ )

* દરેક દ્રવ્યના પરિણામ પોતાથી થાય છે તેને બીજું દ્રવ્ય કરી શકતું નથી. જીવ પોતાના પરિણામથી ઊપજતો હોવા છતાં તેને અજીવની સાથે કાર્યકારણ ભાવ સિદ્ધ થતો નથી. હોઠ હલે છે, વાણી નીકળે છે, તેનો કર્તા જીવ છે એમ સિદ્ધ થતા નથી. દાળ, ભાત, શાક થાય છે તેને જીવ કરી શકતો નથી. રોટલીના ટુકડા થાય છે તેનો કર્તા જીવ સિદ્ધ થતો નથી. શરીરના અવયવોનું હલન–ચલન થાય છે તેનો કર્તા જીવ છે એમ સિદ્ધ થતું નથી પણ તે અજીવના કાર્યનો કર્તા પુદ્ગલ દ્રવ્યો છે એમ સિદ્ધ થાય છે. આહાહા! આકરી વાત છે. વીતરાગે કહેલી વસ્તુને સમજે તો સંસારથી નવરો થઈ જાય એવી વાત છે.

પ્રશ્નઃ– પદાર્થોની સ્વતંત્રતા સમજવાથી લાભ શું?

ઉત્તરઃ– પદાર્થોની સ્વતંત્રતા સમજવાથી પોતાના પરિણામનો કર્તા પોતે છે બીજો નથી એમ સમજવાથી પરથી ખસીને પોતામાં પરિણામ વાળીને આત્માનો અનુભવ કરવો એ લાભ થાય છે. પોતાનો સ્વભાવ જ્ઞાતાદ્રષ્ટા છે એમ જાણીને જાણનાર–દેખનાર રહે તો ચોરાશીના અવતારમાં રખડી રખડીને ઠડ નીકળી ગયો છે તે રખડવું ટળે અને **મુક્તિ** થાય એ લાભ થાય છે.

* વીતરાગદેવ એમ કહે છે કે મારી વાણી વડે જણાય એવો તું નથી. તું તારા વડે જ જણાય એવો છો. આહાહા! આવું સત્ય વીતરાગ વિના કોણ કહે? તને જાણવામાં વાણી કે શાસ્ત્રની અપેક્ષા નથી. તું તારાથી જ જણાય એવો છો. દિવ્યધ્વનિથી કે શાસ્ત્રથી જણાય એવો આત્મા નથી, આત્મા આત્માથી જ જણાય છે. આહાહા! જેમાં કોઈ પરની અપેક્ષા આવે નહિ એ માર્ગે જવામાં કેટલી ધીરજ જોઈએ, ભાઈ! તું તારાથી જ જણાય એવો મહાપ્રભુ છો–એમ શ્રદ્ધાને તો દ્રઢ કર! પહેલાં વિકલ્પ સહિત તો આવો નિર્ણય કર! એ નિર્ણય એવો પાકો થવો જોઈએ કે ઉપરથી ઇન્દ્ર ઊતરે તોપણ ફરે નહિ એવો દ્રઢ નિર્ણય કર, પછી અંદર જતાં નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થશે.

* જિનેન્દ્ર ભગવાન એમ કહે છે કે અમારા વીતરાગ સંતોએ શાસ્ત્રોમાં દ્રવ્યશ્રુતાત્મક વ્યવહાર પ્રતિક્રમણ આદિ કહ્યાં છે તેને સાંભળીને, તેને જાણીને સકળ સંયમની ભાવના કરે

છે તેને વ્યવહાર પ્રતિક્રમણનું જાણપણાનું સફળપણું છે–સાર્થકપણું છે. પ્રતિક્રમણ આદિ જેટલા પ્રકારના વ્યવહાર શાસ્ત્રમાં કહ્યાં છે તે બધો વ્યવહાર બંધનું કારણ છે, એને છોડીને અંદર આનંદ સ્વરૂપમાં જાય તેને વ્યવહારનું સફળપણું કહેવાય. જેટલા ક્રિયાકાંડ–વ્યવહાર કહેવામાં આવે છે તેને છોડીને શુદ્ધસ્વરૂપના અનુભવમાં જાય તો તેને વ્યવહાર જાણવાનું સફળપણું થયું કહેવાય. પણ જે શુદ્ધ સ્વરૂપ સન્મુખ થતો નથી અને એકલા વ્યવહારમાં જ રહે ને આત્માના આનંદ સ્વરૂપમાં ન જાય તો તેનો વ્યવહાર એકલો સંસારમાં રખડવાનું કારણ છે.

પ્રશ્નઃ– વ્યવહારથી નિશ્ચય થાય એમ અહીં કહ્યું ?

ઉત્તરઃ– વ્યવહારથી નિશ્ચય થાય એમ કહ્યું નથી પણ વ્યવહારને જાણીને એનું લક્ષ છોડીને નિશ્ચય આનંદ સ્વરૂપમાં જવાનું કહ્યું છે. વ્યવહાર છોડીને આનંદ સ્વરૂપ આત્મામાં જાય, વીતરાગ સ્વરૂપ આત્મામાં જાય, તેને વ્યવહાર જાણવાનું સફળપણું કહ્યું છે. જે વીતરાગ સ્વરૂપ આત્મામાં ઢળે છે તેના વ્યવહારને નિમિત્તપણું કહ્યું છે. પણ જે વ્યવહારમાં જ ઊભો રહે અને નિશ્ચય સ્વરૂપમાં જાય નહિ તેને વ્યવહારનું સફળપણું થતું નથી અને તેના વ્યવહારને વ્યવહાર પણ કહેવાતો નથી. ભગવાનની ભક્તિ કરે, દયા–દાન કરે, જાત્રા કરે, મંદિર બંધાવે સાચા મુનિઓને સાંભળે પણ એનાથી ધર્મ થતો નથી. એ બધા શુભ ભાવો છે.

## આત્મધર્મ માસિકપત્ર સંબંધી માહિતી


| | | |
|---|---|---|
| પ્રકાશન સ્થાન | : | શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ |
| પ્રકાશન તારીખ | : | દરેક માસની પહેલી તારીખ |
| પ્રકાશક | : | શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ |
| મુદ્રક | : | મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ |
| તંત્રી | : | ડૉ. ચંદુલાલ ટી. કામદાર, રાજકોટ |
| સંપાદક | : | નાગરદાસ બેચરદાસ મોદી, સોનગઢ |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| માલિક | : | શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ |

-વ્યવસ્થાપક ( -મેનેજર )


તા. ૧–૪–૧૯૮૦ શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ




જે પરમ તેજ કેવળજ્ઞાન, કેવળદર્શન અને કેવળસૌખ્ય સ્વભાવી છે એવા આત્માને જાણતાં શું ન જાણ્યું? એવા આત્માને દેખતા શું ન દેખ્યું? અને એવા આત્માને સાંભળતાં શું ન સાંભળ્યું? આહાહા! આવા કેવળજ્ઞાન–દર્શન–સૌખ્ય સ્વભાવી આત્માનો જાણતા, દેખતા એણે બધું જાણી દેખી લીધું અને બધું સાંભળી લીધું. એણે બાર અંગનો સાર સાંભળી લીધો. બાર અંગમાં આત્માની પરિપૂર્ણતા કહેવી છે તે એણે સાંભળી લીધી. પ્રવચનસારમાં કહે છે કે આખા વિશ્વના પદાર્થોને એક સમયની જ્ઞાનપર્યાય જાણી લ્યે છે. એવી અનંતી પર્યાયોનો પિંડ એવા આત્માને જાણ્યો તેણે બધું જાણી લીધું. એકને જાણતા બધું જણાઈ ગયું. એમ અહીં પદ્મનંદી આચાર્ય કહે છે કે તું પૂર્ણાનંદનો નાથ પ્રભુ છો! એ સાંભળતાં શું ન સાંભળ્યું ને એને જાણતા શું બાકી રહ્યું? શરીર, વાણી, રાગાદિ કે અલ્પજ્ઞતા એ તું નહિ, પૂર્ણાનંદનો નાથ પ્રભુ તું છો. એ જાણતા બધું જાણી લીધું ને એ સાંભળતાં બધું સંભળાઈ ગયું.

દરેક પદાર્થની પર્યાય ક્રમબદ્ધ થાય છે. દરેક જીવ કે જડની પર્યાયનો જે જન્મક્ષણ છે તે જ સમયે તે પર્યાય ક્રમબદ્ધ થાય છે, તેને ઇન્દ્ર, નરેન્દ્ર કે જિનેન્દ્ર પણ ફેરવવા સમર્થ નથી. આહાહા! જીવ એકલો જ્ઞાતા જ છે. અહીં અકર્તાપણાની ઉત્કૃષ્ટતા બતાવે છે કે ઈશ્વર જગતનો કર્તા છે એ વાત તો જૂઠી છે જ અને એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરી શકે એ પણ જૂઠું છે અને તે તે દ્રવ્ય તેની પોતાની પર્યાયને કે જે તેના જન્મક્ષણે–સ્વકાળે ક્રમબદ્ધ થવાની છે તેને આડી–અવળી કે આઘી–પાછી કરી શકે એમ પણ નથી. જે સમયે જે પર્યાય ક્રમબદ્ધ થવાની છે તેને અન્ય નિમિત્તની અપેક્ષા તો નથી જ પણ એના દ્રવ્યની પણ અપેક્ષા નથી. આવી વસ્તુની **સ્થિતિ** છે.

( અનુસંધાન પાના ૪૧ ઉપર )




૧. ધીરજ જેનો પિતા છે, ક્ષમા જેની માતા છે, પરમાર્થ જેનો મિત્ર છે, તત્ત્વરુચિ જેની માસી છે, જ્ઞાન સુપુત્ર છે, કરૂણા પુત્રી છે, મતિ પુત્રવધુ છે, સમતા જેની સખી છે, ઉદ્યમ દાસ છે, વિવેક બંધુ છે, બુદ્ધિ પત્નિ છે, પુણ્યોદય જેની દાસી છે–આવું ભાવકુટુંબ જેની પાસે છે તેવા સદ્ગુણવંતને સાચા ગૃહવાસી કહીએ છીએ. ( બનારસી વિલાસ, સવૈયા–૨૩ )

૨. હે સરસ્વતી–જિનવાણી માતા ! તમારા વિના આ મુનષ્ય આંખો સહિત હોવા છતાં પણ વિદ્વાનો દ્વારા અંધ જ ગણાય છે. તેથી ત્રણલોકના પ્રાણીઓને યથાર્થ તત્ત્વનું દર્શન કરાવવામાં તમે અનુપમ નેત્ર સમાન છો.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી–શ્રુતદેવતા સ્તુતિ, શ્લોક–૧૫ )

૩. માતાની માફક દુઃખથી રક્ષા કરે છે, ગુરુની માફક સત્ય નીતિને બતાવે છે, સ્વામીની માફક પોષણ કરે છે, તત્ત્વ–અતત્ત્વને પ્રગટ કરવામાં ચતુર છે, તે સ્પષ્ટ, પવિત્ર તથા નિર્મલ સમ્યગ્જ્ઞાનને મનુષ્ય જ્ઞાનદાન દ્વારા પ્રાપ્ત કરે છે.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિત રત્નસંદોહ, શ્લોક–૪૯૪ )

૪. અહિંસા જ જગતનું રક્ષણ કરનાર માતા છે, અહિંસા જ આનંદની વૃદ્ધિ કરનાર છે, અહિંસા જ ઉત્તમ ગતિ છે, અહિંસા જ અવિનાશી લક્ષ્મી છે, અહિંસા જ મોક્ષસુખને ઉત્પન્ન કરનાર છે, અહિંસા જ સ્વર્ગ સંપત્તિને દેનાર છે, અહિંસા જ પરમ હિતકારી છે અને અહિંસા જ સર્વ આપદાઓનો નાશ કરનાર છે.

( શ્રી શુભચંદ્રઆચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ–૮, શ્લોક ૩૨–૩૩ )

તંત્રીઃ ડૉ. ચંદુભાઈ ટી. કામદાર પ્રતઃ ૩૭૦૦

પ્રકાશકઃ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ PIN: 364 250

મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ ( વાર્ષિક લવાજમ રૂા. ૯–૦૦ )